Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૧ • અંક : ૧૪ • તા. ૦૨ એપ્રીલ ૨૦૧૮ થી ૦૮ એપ્રીલ ૨૦૧૮ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCS/217/2018-20



## બુદ્ધિ પ્રતિભા અને સાહસ પ્રવૃત્તિનો અનેરો સંગમ
## સૌ. ડૉ. મહિમા મોહિત હિરાચંદ દંડ – હુબલી

### પિયરિયે પોષ્યાં રમતીલા રસ,
### સાસરિયે સીંચ્યાં સાહસ ને જોશ.

**શ્રીમતી મનોરમા તિલકચંદ લોડાયા, ચેન્નઈની સુપુત્રી ડૉ. મહિમા મોહિત હિરાચંદ દંડ, હુબલી, (એમ.ડી.એસ.)**

ડૉ. મહિમાએ દંત ચિકિત્સા વિષયના પુસ્તકના સહલેખિકા તરીકે કામગીરી બજાવી છે. આ પુસ્તકનું વિમોચન હૈદરાબાદ ખાતે ઑલ ઇંડિયા ડેન્ટલ કાઉન્સીલના પ્રમુખશ્રીના હસ્તે તાજેતરમાં કરવામાં આવ્યું હતું.


આ ઉપરાંત ડૉ. મહિમા કાર રેસીંગની સાહસીક સ્પર્ધામાં ટાઇમ્સ ઑફ ઇંડિયા વિમેન્સ કાર રેલીમાં બેંગ્લોર થી ગોવામાં પણ ભાગ લીધો, જેમાં પ્રાથમિક પસંદગી પામ્યા છે.

**Smt. Dr. Mahima Mohit Hirachand Dand Daughter of Smt. Manorama Tilakchand Lodaya**

An inspirational proactive intelligente, specialist Dental Surgeon.
Selected in Car Race Adventure Sports - Times Women's Car Rally







**Dr. Mahima's launch of her co-authored book 'Position Statement and Indian protocol for Regenerative Endodontics' by the President of Dental Council of India, at the DCI-IACDE teachers' meet, Hyderabad.**

**'પ્રકાશ સમીક્ષા'ના હાર્દિક અભિનંદન**

# KDO GIRL TURNS MULTIFARIOUS PERSONALITY LADY



## શ્રીમતી સંસ્કૃતિ નંદિપ શાહ - ચેન્નઈ
## (શ્રીમતી મનોરમા તિલકચંદ લોડાયાની સુપુત્રી)

સંસ્કૃતિનો જન્મ શ્રીમતી મનોરમા - શ્રી તિલકચંદ લોડાયાના ગૃહે ૧૯૮૩માં થયો. સોફિયા કોલેજ, મુંબઈમાંથી બી.એ. તથા ઈવેન્ટ મેનેજમેન્ટમાં ડિપ્લોમાં કર્યું. થેરાપીસ્ટનો સર્ટીફિકેટ કોર્સ કરી પ્રાણિક હીલીંગ તથા અને વિપશ્યના ધ્યાનયોગની ટ્રેનર તરીકે કાર્ય કર્યું. પ્રસંગોપાત મોડેલિંગ પણ કર્યું. ચેન્નઈમાં કેટલીક શાળાઓમાં શિક્ષિકા તરીકે ફરજ બજાવી. થોડાક વર્ષો પૂર્વે 'સ્પેશિયલ એજ્યુકેશન ફોર લર્નીગ ડીસએબીલીટીઝ'મા ડિપ્લોમાં કર્યું અને મદ્રાસ ડીસલેક્સિયા એસોસિએશન-ચેન્નઈમાં કાઉન્સીલર તથા ટ્રેનર તરીકે કામગીરી બજાવી રહ્યા છે. તેઓ પ્રી પ્રાયમરી સ્કુલના બાળકો માટે સ્પેશાઅલીસ્ટ છે. આ વિભાગમાં શિક્ષકો માટે તેઓ ટ્રેઈનીંગ પ્રોગ્રામનું સંચાલન કરે છે. જ્ઞાતિના દૂરદષ્ટા તિલકચંદ લોડાયાના સુપુત્રી સંસ્કૃતિ, નંદિપ શાહ સાથે લગ્નગ્રંથીથી જોડાયા છે.

## 'પ્રકાશ સમીક્ષા'ના હાર્દિક અભિનંદન

## Smt. Sanskruti Nandip Shah, Daughter of Smt. Manorama Tilakchand Lodaya

In today's modern era all the parents wants that their children should learn every thing and they should become super hero and stay ahead in all the student aspects like education, sports, cultural activities and so on.

But wait. Check the abilities of your child before pushing them in rat race. Your child may be suffering from dyslexia. Dyslexia is not a disease, it is owing to a different mind. This cause difficulty in learning to read, calculate or write inspite of being adequate intelligent.

I just came across young and dynamic educator smt sanskruti Nandip shah from Chennai. She is a daughter of Shri & smt Manorama Tilakchand k Lodaya. Sanskruti is a special educator for learning disabilities with Madras Dyslexia Association.

According to Sanskruti, dyslexia is owning a different mind. She says that Albert Einstein, wintson Churchill, Tom cruise, Steve jobs are / were dyslexics who changed the thinking of world. So parents having dyslexic child should not panic. Such child need to be handled in different way.

Sanskruti is specialised in the early functional assessment of children who might be at risk for learning disabilities. This disabilities are normally detected when child is 3.5 year to 5 year old. She told me that such children should be taught in a way they understand. And parents should remain cool and calm. Their children are normal children. They only need special handling.

Smt Sanskruti did her B A with psychology from sophia college, Mumbai. She has done diploma in event management from Mumbai. She did Montessori course in chennai. A multifarious personality lady is occasionally doing modeling also. At present she is pursuing B. Ed in university of tamilnadu.

Smt Sanskruti told to Prakash Samiksha that some case studies have shown that 50% students are having this issue. Parents whose child is having this issue should take proper guidance about handling their child. Their child is not a special child but he or she can learn in the way they want to learn and not in our way. She says that parents should not make their children an instrument to fulfill their own dreams. Let the children grow in their own way with their own strength.

Smt. Sanskruti will be presenting her paper on dislexsiya in june 2018 in the international conference to be held in Singapore.

**C.A. Hirachand Damji Dand**
Manjal Reladiya
hirachanddand@gmail.com

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

**''સમીક્ષા''**

સનત્ શાહ અને

ગોવિંદજી જીવરાજ લોડાયા

**''પ્રકાશ સમીક્ષા''**

સનત્ શાહ

**: તંત્રી :**

રાયચંદ આર. નાગડા



**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : CA હીરાચંદ દામજી દંડ

માનદ્મંત્રી : ઉદયન લાલજી લોડાયા

કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર

**અન્ય ટ્રસ્ટીઓ**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા

રાયચંદ રતનશી નાગડા

શરદ કાંતિલાલ શાહ (નાગડા)

કેશરસિંહ આણંદજી ખોના

તિલકચંદ કુંવરજી લોડાયા

કાશ્મીરા વિરેન્દ્ર લુઢીયા

પંકજ પ્રતાપ શાહ

શૈલેશ સનત્ શાહ

જયંત વિશનજી છેડા

મુકેશ ભવાનજી લોડાયા

**અન્વેષક**

CA મણિકાંત વસનજી નાગડા



**અંક નં. 14/2018**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
022-2508 4463 / 64 / 65

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com


# આપણે કચ્છી દશા ઓશવાલ જૈન

''શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન'' શબ્દ પ્રયોગમાં તે નામે ઓળખાતી જ્ઞાતિનો સામાજીક અને ભૌગોલિક ઈતિહાસ તથા ધાર્મિક માન્યતાઓનો સચોટ પરિચય મળી રહે છે. આમાં કચ્છી અને ઓશવાલ એ બન્ને વિશેષણો તે પ્રદેશોમાંના મૂળ વસવાટને કારણે મળ્યા છે. તો 'દશા' શબ્દમાં ખાસ કરીને વિધવા વિવાહના સંબંધમાં ઉદાર દૃષ્ટિકોણ છતો થાય છે. સાથે સાથે સામાજિક રીતે રિવાજોની બાબતમાંનો પ્રગતિશીલ અભિગમ પણ દેખાઈ આવે છે. ''જૈન'' શબ્દમાં માત્ર ધાર્મિક માન્યતાઓ જ નહીં પણ સમગ્ર સંસ્કારો અને અમુક અંશે આચાર વિચારના ખ્યાલોનો પરિચય મળે છે.

કચ્છમાં સ્થાઈ થયા તે પહેલાંનો આ કોમનો ઈતિહાસ સમગ્ર ઓશવાલ કોમના ઈતિહાસથી સ્વતંત્ર રીતે મળતો નથી. ઓશવાલ કોમના પ્રચલિત ઈતિહાસમાં પણ ઘણી બધી ખૂટતી કડીઓ હોઈ સ્પષ્ટ ચિત્ર મળતું નથી. પણ જે કાંઈ ધુંધળું ચિત્ર ઉપસે છે તે આ પ્રમાણે છે : ઈ. સ. પૂર્વે પહેલી બીજી સદીમાં ભારતમાં પ્રવેશેલા શક કબીલાઓ આઠમી સદી સુધીમાં ભારતમાં ઉત્તર પશ્ચિમ (પંજાબ, રાજસ્થાન અને ઉત્તર ગુજરાત) વિસ્તારમાં સ્થિર થઈ ચૂક્યા હતા. તેમના પરાક્રમ અને સંભાવનાઓને પીછાનીને અહીંના બ્રાહ્મણોએ તેમને ક્ષત્રિય તરીકે કબૂલ્યા અને તેઓ રાજપૂત તરીકે ઓળખાવા લાગ્યા. આ રાજપૂતોમાંના કેટલાકે ૧૦મી સદીના અંતભાગથી કરીને લગભગ ૧૫મી સદીના અંતભાગ સુધી વિવિધ પ્રભાવશાળી જૈન આચાર્યોના પ્રભાવથી જૈન ધર્મ અંગીકાર કર્યો.

જ્યાં સુધી કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિને સંબંધ છે, તેના ઈતિહાસના મૂળ ઓશવાલ વંશની સ્થાપના સુધી પહોંચે છે. પ્રચલિત માન્યતા એવી છે કે હાલના જોધપુર પાસેના ઓશીયા નગર અને તેની આસપાસના વિસ્તારમાં વસતા રાજપૂતોમાંથી જૈન ધર્મ અંગીકાર કરનારાઓ જૈન ઓશવાલો કહેવાયા. પણ ઈતિહાસની વિગતો ઓશવાલ કોમની ઉત્પત્તિને અત્યારે રાજસ્થાનની દક્ષિણે આવેલા ભિન્નમાલ શહેરની સાથે જોડે છે. આ દૃષ્ટિએ ઓશવાલો મૂળ ભિન્નમાલની આસપાસના હતા અને તેમણે ઈસ્લામી આક્રમણ વખતે થરપાકર વિસ્તારની સીમાએ ઓશીયા નગર વસાવ્યું.

અચલગચ્છનાં સંસ્થાપક આર્યરક્ષિસૂરિશ્વરજી જેમણે ઓશવાલ કોમની ઉત્પત્તિમાં પણ અગત્યનો ફાળો આપેલો તેમના વખતમાં દશા, વીશા એવા ભેદ હતા એવા ઉલ્લેખ મળે છે. આનો અર્થ એ થયો કે રાજપૂતોમાંથી જૈન થયેલા લોકોમાં શરૂઆતથી જ સામાજીક રીતરિવાજોના ભેદ મોજૂદ હશે. કેમકે દશા, વીશા એવા ભેદોની પાછળ ખાસ કરીને બાળવિધવાઓના પુનઃલગ્ન કરવા કે નહીં તે સંબંધી રિવાજો કારણભૂત હતા. કેટલાક લોકો એમ માને છે કે દશા વીશામાંથી જ ઉતરી આવેલા છે. પણ ઈતિહાસની નક્કર વિગતો આ વાતને જરાપણ સમર્થન નથી આપતી.

અગીયારમી સદીમાં સમૃદ્ધ ભિન્નમાલ પર ત્રણેક વખત મુસ્લીમ ચઢાઈઓ થઈ તે વખતે ઓશવાલો આખાય પશ્ચિમ રાજસ્થાનમાં ફેલાયા. એક ઉલ્લેખ પ્રમાણે બારમી સદીના અંતમાં ઓસ પ્રદેશના રાજા સાથે તકરાર થવાથી તો બીજા ઉલ્લેખ પ્રમાણે તે જ સમય ગાળામાં ઓસ પ્રાંતમાં વારંવાર આકરા દુષ્કાળ પડવાથી ઘણા ઓશવાલો સિંઘ તરફ ગયા, તેમાં જૈન દશા ઓશવાલો પણ હતા. વળી તેઓ વસતા હતા તે પારકર વિસ્તાર પણ સિંધનો ભાગ ગણાવા લાગ્યો.

સિંધના વસવાટ દરમ્યાન જૈન દશા ઓશવાલના ઈતિહાસ સંબંધી નોંધપાત્ર ઘટના એ છે કે સિંધ પર તે વખતે ઈસ્લામી વર્ચસ્વ સ્થપાઈ ચૂક્યું હતું અને પછી અનેક ઈસ્લામી રાજાઓ અન્યધર્મીઓ પ્રત્યે વધુને વધુ સહિષ્ણુ વલણ અપનાવી રહ્યા હતા. આ બાબતનો આ પ્રદેશમાં આવી વસેલા જૈન દશા ઓશવાલો પર કુપ્રભાવ પડે તે સ્વાભાવિક હતું. વળી આ પ્રદેશમાં જૈન

મુનિઓનો વિહાર નહિવત હતો. એટલે જૈન દશા ઓશવાલો સિંધના વસવાટ દરમ્યાન ઘણી બાબતોમાં જૈન ધર્મના સંસ્કારોથી ઉલ્ટી રીતે વર્તવા લાગ્યા હતા. જો કે જૈન સંસ્કારો વિપરિત સંજોગોમાં પણ સાવ નાબૂદ તો નહોતા થયા.

**'મહાજન' શબ્દનો મૂળ સંદર્ભ**

આજે માત્ર કચ્છી દશા ઓશવાલ જૈનો જ નહીં પણ જૈનોમાંના ઘણા પોતાને મહાજન તરીકે ઓળખાવે છે. સામાન્ય રીતે લોકો એવી રીતે માની લે છે કે મહાજન એટલે પૈસાદાર, વ્યાપારી. આ વાત ખરી છે. આ પ્રકારે 'મહાજન' શબ્દનો ઉપયોગ છેક પ્રાચીન કાળથી થતો આવ્યો છે.

ઈ. સ. ની દશમીથી પંદરમી સદી સુધી વિવિધ શાખાના રાજપૂતો પ્રભાવશાળી જૈન આચાર્યોના ઉપદેશથી અહિંસા વ્રત સ્વીકારીને જૈન બન્યા. આ જૈનોમાંથી મોટા ભાગના મૂળે માંસાહારી હતા. શાકાહાર અપનાવવાનું તેમને માટે સહેલું ન હતું. જૈન ધર્મ અપનાવ્યા પછી પણ તેઓ વત્તે ઓછે અંશે જ શાકાહારી થઈ શક્યા હતા. પૂર્ણ શાકાહાર અપનાવનારા ક્ષત્રિયોને અલગ તારવવા ''મહાજન'' શબ્દ પ્રચલિત બન્યો.

પાછળથી પૂર્ણપણે શાકાહાર અપનાવનારા લોકો ઉપરાંત તેમનો વહીવટી કરનારી ધાર્મિક સામાજીક પંચાયતને પણ મહાજન તરીકે ઓળખાવવાનું શરૂ કર્યું.

**– શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ ઈતિહાસના પ્રેરકબળોમાંથી**

**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 10,000/- | - |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**


For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

|| શ્રી અનંતનાથાય નમઃ ||
SHETH SHRI NARSHI NATHA MEDICAL TRUST
WE CARE
OUR MISSION IS YOUR HEALTH
**શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ**
(Regd. Under Bombay Public Trust Act. 1950
Reg. No. E-11572 (BOM)

**VACANCY**

શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ, મુંબઇ સ્થિત ઓફીસે એકાઉન્ટસ અને મેડીકલ પોલીસીના કામકાજ સંભાળી શકે તેવા અનુભવી તેમજ ઉત્સાહીત વ્યક્તિએ બાયોડેટા સાથે સંપર્ક કરવો. કોમ્પ્યુટર બેસીક જરૂરી પગાર લાયકાત મુજબ.

**સંપર્ક : શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ**
શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર,
૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, મુંબઇ - ૪૦૦૦૦૯.
ફોન : ૯૮૨૧૦૬૯૨૯૯ / ૯૮૨૧૯૧૫૬૪૨
સમય : સવારે ૧૧ થી સાંજે ૬ દરમ્યાન
લિ. શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ - ટ્રસ્ટીગણ

રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
**Lagna Deep**
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229


KDO
અણમોલ જ્ઞાતિ – અનંત ગૌરવ

# Shri KDO Jain Gnati Mahajan Mumbai

## Shri Anantnathji Maharaj Jain Temple & Its Sadharan Funds

*Organises*

## Psychometric Test & Counselling

for 9th, 10th, 11th, 12th
KDO STUDENTS

Choose your
**CAREER**

DATE :
**15th April 2018**

- *Find your natural ability*
- *Find your real interest*
- *Find out your personality*
- *Take the Aptitude Test*
- *Find the correct course*
- *Be successful in your life.*

| ARTS / HUMANITIES | COMMERCE | SCIENCE | DESIGNING |
| --- | --- | --- | --- |
| Psychology<br>Economics<br>Languages<br>Education | CA<br>CS<br>Management<br>BAF, BBI<br>B.Com etc. | Medicine<br>Engineering<br>Pure Science<br>Home / Agri - Science | Architecture<br>Fashion Designing<br>Interior Designing<br>Fine Arts etc. |




**ANY APTITUDE TEST HAS BEEN MADE COMPULSORY FOR ALL KDO HIGHER EDUCATION LOANS.**

**REGISTRATION**
**₹100/-**

**Last Date**
12th April 2018

**Venue : Shri Virji Ladhabhai KDO Jain Vidyarthigruh**
**Shri Bhawanji Arjan Khimji Educational Campus,**
Cama Lane, Ghatkopar (W), Mumbai - 400 086.
**Date : Sunday, 15th April 2018 at 9:00 am to 1:00 pm**
followed by LUNCH

Out Station Students are required to book return ticket after 16.04.2018 - Night
as Counselling will be done on 16.04.2018

## Be Amazing

**Date : Sunday, 15th April 2018,**
at **2:00 pm to 5:00 pm**

- Learn the art of planning your future!
- Learn the art of being positive!
- Learn the art of achieving goals!
- Learn the art of being amazing!

**SESSION DETAILS :**

These session is planned for **students between 15 to 23 years** of age. The objective of this session is to motivate students to recognize their strength and passion that will help them to understand better for choosing their career path & pursue for success.

"BE AMAZING" is designed to help students to know how to discover their true potential, which will open all doorways to possibilities & success.

All of us believe in "DESTINY" and are always curious to know what it has in store for us. However, very few of us know that we have the power to shape our future & can make our "DREAMS" come true.

by **Mr. ANKIT KHONA**

Those who are not attending the Psychometric Test can remain present at this programme

**CONTACT**

**Shri KDO Jain Gnati Mahajan, Mumbai**
Shri Anantnathji Maharaj Jain Derasarji, 302/306, Narshi Natha Street,
Mumbai -400 009. **Tel.:** 022-23448274 **Time :** 11:00 am to 6:00 pm

**Education** Committee

| CONVENER | | CONTACT |
| --- | --- | --- |
| **JATIN** DHARAMSHI<br>9819844651 | **JALPA** LODAYA<br>9867615913 | **ANUJ** LODAYA<br>9579787800 |

**સર્વે વાલીઓને વિનંતી...** આપણા ૯ થી ૧૨ ભણતા બાળકોને આ જાહેરાત જરૂરથી વંચાવે અને મહાજને યોજેલ આ કાર્યક્રમનો બાળકો સાથે પોતે પણ જરૂરથી લાભ લે.

# પધારો ! પધારો !! પધારો !!!

# વરાડીયા (કચ્છ) મધ્યે બીરાજમાન દંડ પરિવારનાં કુળદેવી શ્રી સચ્ચાઈ માતાજીની મુંબઈ નગરે ૧૨મી સમુહ પહેડી

શ્રી સચ્ચાઇ માતાજીની અસીમ કૃપાથી મુંબઈ મધે સંવત ૨૦૭૪ને વૈશાખ સુદ ૮, **રવીવાર તા. ૨૨-૪-૨૦૧૮**ના રોજ શ્રી સચ્ચાઇ માતાજીને નમતા સર્વે ભાવીક પરિવાર તરફથી **૧૨મી સમૂહ પહેડી**નું આયોજન કરવામાં આવેલ છે. સહુ ભાવીકોને તથા નિયાણી બહેનો સહ પરિવાર પધારવા ભાવભર્યું.

**શુભ દિવસ : રવિવાર, તા. ૨૨/૦૪/૨૦૧૮ ● શુભ સમય : સવારે ૯ થી ૧ કલાકે સુધી**

**શુભ સ્થળ :** ફ્રેન્ડ્સ હાઇ સ્કુલ, રતનબેન લાલજી એસી હૉલ, સાગર ગાર્ડનની પાસે, એલ.બી.એસ. રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦.

વરાડીયા (કચ્છ) મધે બીરાજમાન દંડ પરિવારના કુળદેવી શ્રી સચ્ચાઇ માતાજીને નમતા પરિવારોની યાદી અહીં આપેલ છે. ફેરફાર, સુધારા - વધારા ત્વરીત નીચે લખેલ ભાવિકોને જણાવવા વિનંતી.

**નરેન્દ્ર શામજી દંડ** 9004391413
**અશોક સોમચંદ દંડ** 98211 44324 / 7718054770
**શરદ વિરચંદ દંડ** 9638321690
**જયેશ હેમરાજ દંડ** 9324644945
**કુમાર બાબુભાઈ દંડ** 9322680008

મણીલાલ જેઠાભાઈ દંડ, મંજલ
હેમરાજ મણશી દંડ, વરાડીયા-ઘાટકોપર
દામજી મણશી દંડ, વરાડીયા-ઘાટકોપર
ધનજી મણશી દંડ, વરાડીયા-ઘાટકોપર
મોતીચંદ મણશી દંડ, વરાડીયા-ડોંબિવલી
શામજી મણશી દંડ, વરાડીયા-અમદાબાદ
વિનોદ મણશી દંડ, વરાડીયા-ઘાટકોપર
મનીષ હેમરાજ દંડ, વરાડીયા-ભાંડુપ
પ્રફુલ્લ ત્રીકમજી દંડ, વરાડીયા-વડાલા
અશોક સોમચંદ દંડ, વરાડીયા-મુલુંડ
ગૌતમ સોમચંદ દંડ, વરાડીયા-મુલુંડ
કુશીન સોમચંદ દંડ, વરાડીયા-પવઈ
રૉબીન વસંત દંડ, વરાડીયા-નેરુલ
રમેશ ધનજી દંડ, વરાડીયા-ડોંબિવલી
સુરેશ લખમશી દંડ, વરાડીયા-વરાડીયા
સંદીપ રમેશ દંડ, વરાડીયા-ડોંબિવલી
પુરબાઈ પદમશી દંડ, વરાડીયા-વરાડીયા
પુષ્પેશ દામજી દંડ, વરાડીયા-ચેકનાકા
ઉપેન્દ્ર દામજી દંડ, સોલાપૂર-રાયધણજર
દિપક દામજી દંડ, રાયધણજર-પૂના
મેહુલ શાંતીલાલ દંડ, રાયધણજર-મુલુંડ
મુકેશ ટોકરશી દંડ, રાયધણજર-કાલાચોકી
શરદ વિરચંદ દંડ, સુરત-છાદુરા
ભદ્રીચંદ ભવાનજી દંડ, ડોંબિવલી-છાદુરા
નરેન્દ્ર/નરેશ ભવાનજી દંડ, માટુંગા-છાદુરા
જયેશ ભવાનજી દંડ, મુલુંડ-છાદુરા
દિલીપ ભવાનજી દંડ, મુલુંડ-છાદુરા
લલીત હિરાચંદ દંડ, મુલુંડ-છાદુરા
નરેન્દ્ર હિરાચંદ દંડ, મુલુંડ-છાદુરા
મહેન્દ્ર નવીન દંડ, વાપી-છાદુરા
મધુસુદન નવીન દંડ, મુલુંડ-છાદુરા
હેમેન્દ્ર તિલોકચંદ દંડ, ઘાટકોપર-છાદુરા
જ્ઞાનેશ તિલોકચંદ દંડ, ઘાટકોપર-છાદુરા
અભયચંદ ગોવિંદજી દંડ, ધુલીયા-છાદુરા
જયચંદ ગોવિંદજી દંડ, ધુલીયા-છાદુરા
કાર્તીક કુંવરજી દંડ, સુથરી-મુલુંડ
સુરેશ કુંવરજી દંડ, ડોંબિવલી-સુથરી
ધનજી દામજી દંડ, ઘાટકોપર-સુથરી
પરેશ ધનજી દંડ, મુલુંડ-સુથરી
નાયક ચાંપશી દંડ, જલગામ-શ્રીરામપૂર-સુથરી
જયેશ શરદ દંડ, પરજાઉ-મુલુંડ

**કેશવજી આણંદ દંડ - તેરા**

ધનલક્ષ્મી હિરાચંદ દંડ, સાંગલી
લક્ષ્મીબેન લક્ષ્મીચંદ મેઘજી દંડ, વિઠ્ઠલવાડી
કિશોર લક્ષ્મીચંદ મેઘજી દંડ, વિઠ્ઠલવાડી
અજય વિરચંદ દંડ, પૂના (ચિંચવડ)
તિલોતમ ઉત્તમચંદ દંડ, મુલુંડ
ધનપાલ મેઘજી દંડ, ડોંબિવલી
મણીકાંત માણેકજી દંડ, અંધેરી
રાજુ મણીકાંત દંડ, અંધેરી
નીશીથ આણંદીલાલ દંડ, વડોદરા
મુકેશ માણેકજી દંડ, અંકલેશ્વર
કમલેશ માણેકજી દંડ, અંકલેશ્વર
જેશલ ચંદ્રકાંત દંડ, ગાંધીધામ
સમીર ચંદ્રકાંત દંડ, ગાંધીધામ
નરેન્દ્ર શામજી દંડ, મુલુંડ
ચિમન શામજી દંડ, અંકલેશ્વર
હરીશ શામજી દંડ, વડોદરા
હીરેન શામજી દંડ, અંકલેશ્વર

**વેલજી આણંદ દંડ - તેરા**

વિનોદ સોમચંદ દંડ, આદીપૂર અંતરજાળ
રાજેશ સોમચંદ દંડ, ખામગામ
નિલેષ સોમચંદ દંડ, મુલુંડ
ભરત દેવશી દંડ, ગોવા
પરેશ દેવશી દંડ, ગોવા
અશોક દેવશી દંડ, ગોવા
મુલચંદ દેવશી દંડ, આણંદ
અતુલ શાંતીલાલ દંડ, ગાંધીધામ
લોકેશ ઝવેરચંદ દંડ, ડોંબિવલી
નરેન્દ્ર ઝવેરચંદ દંડ, ડોંબિવલી
પિયુષ કીર્તીકુમાર દંડ, પૂના
મનીષ કીર્તીકુમાર દંડ, અમરાવતી
પ્રફુલ્લ રતનશી દંડ, ખામગામ
મુકેશ રતનશી દંડ, ખામગામ
નવીન નરાણજી દંડ, ખંડવા

**ધનજી આણંદ દંડ - તેરા**

હિરાચંદ ડુંગરશી દંડ, હુબલી
મોહિત હિરાચંદ દંડ, હુબલી
મહેન્દ્ર ખીંયરાજ દંડ, ગાંધીધામ
કુમાર બાબુભાઈ દંડ, ભાંડુપ
હરીશ લખમશી દંડ, કોચીન
હિતેન લખમશી દંડ, હુબલી
કેતન લખમશી દંડ, નાગપુર

## શ્રી શત્રુંજય તીર્થ-પાલિતાણાનગર વિશે કેટલીક જાણવા જેવી વાતો

(૧) જય તળેટીથી ગિરિરાજ ઉપર ચઢતાં થોડા જ અંતરે એક ગુફા જોવા મળે છે જેમાં સરસ્વતી માતાની પ્રભાવક પ્રતિમા છે. હંસવાહિની મા શારદાની આ દેરી ઘણી પ્રાચીન છે. યાત્રિકો અને ગામલોકો અહીં માતાજીને શ્રીફળ વધેરીને આશીર્વાદ લેવા આવે છે. વિદ્યાદેવી સરસ્વતી માતાની આ મૂર્તિ ચમત્કારી અને પરચા પૂરનારી છે. આ દેવીનો વહીવટ શેઠ આણંદજી કલ્યાણજી હસ્તક છે.

(૨) મૂળ નાયક શ્રી આદિશ્વર ભગવાનનું મંદિર : શ્રી શત્રુંજય તીર્થના ૧૬માં ઉદ્ધારક કરમાશાહે નિર્માણ કરાવેલા અને સૂરિશ્રેષ્ઠ શ્રી વિદ્યામંડનસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે સં. ૧૫૮૭ના વૈશાખ વદી - ૬ના શુભ દિને પ્રતિષ્ઠિત થયેલું દાદા શ્રી આદિશ્વર ભગવાનનું આ ભવ્ય મંદિર શત્રુંજયની શોભા સમાન છે. મન હરી લેનારા અપ્રતિમ શિલ્પસ્થાપત્યથી શોભતું દાદાનું આ જિન મંદિર ભોંયળિયેથી બાવન હાથ ઊંચું છે. એના શિખરમાં ૧૨૪૫ કુંભ છે. ૨૧ સિંહોનાં વિજયચિહ્નો શોભી રહ્યાં છે. ચારે દિશામાં ચાર યોગિનીઓ છે. દશ દિકપાલનાં પ્રતીકો એના રક્ષકપણાનો ખ્યાલ આપી રહ્યાં છે. મંદિરની વિશાળતાનો ખ્યાલ આપતી ગભારાની આસપાસ ૩૨ દેવકુલિકાઓની રચના છે. ચાર ગવાક્ષો એની ભવ્યતામાં વધારો કરે છે. ૩૨ પૂતળીઓ અને ૩૨ તોરણો આ મંદિરને (વિશેષ) કલામય બનાવે છે. મંદિરને ટેકવી રાખતા ૭૨ આધારસ્તંભો એની કલામયતાની ઓળખ આપી રહ્યા છે. અહીં દાદાની ભવ્ય, આકર્ષક પ્રતિમા જોતાં જ ભાવિકોનું હૈયું નાચી ઊઠે છે, સંતાપ ભૂલી જવાય છે, ભાવના બળવત્તર બને છે, દિલ એવું ચોંટી જાય છે કે ત્યાંથી ખસવાનું મન જ થતું નથી. આવા મહાપ્રભાવક દાદાનાં દર્શન થતાં મુખમાંથી સહજપણે સરી પડે છે : જય જય શ્રી આદિનાથ! જય જય શ્રી શત્રુંજયનાથ! આ દાદાની ૫૦૦મી સાલગીરી ૧૨ વર્ષ પછી સં. ૨૦૮૭ના વૈશાખ વદી-૬ તા. ૧૨-૫-૨૦૩૧ના રોજ ખૂબ જ ધામધૂમપૂર્વક ઊજવાશે.

(૩) શત્રુંજય ગિરિરાજના પ્રથમોદ્ધારક ભરત ચક્રવર્તી થયા. તેમણે આ તીર્થમાં મણિમય જિન પ્રતિમાઓ ભરાવીને પ્રતિષ્ઠિત કરાવી છે. આ પ્રતિમાઓ સુવર્ણ ગૂફામાં દેવાધિષ્ઠિતપણે સ્થાપન થયેલી છે. એ ગુફાનું એક તરફનું મુખદ્વાર રાયણ વૃક્ષ પાસે હોવાનો સંભવ શાસ્ત્રકારોએ બતાવ્યો છે. કોઈ પુણ્યાત્માને આ મહિમાશીલ પ્રતિમાઓનાં દર્શન થાય તો તેઓ અવશ્ય ત્રીજા ભવે મોક્ષપદને પામશે એમ કહેવાયું છે.

(૪) શ્રી શત્રુંજય ગિરિરાજની વાઘણ પોળમાં આવેલાં જિન મંદિરો 'વિમલ વગ્રહી'ના નામથી ઓળખાય છે. વાઘેલા યુગમાં વાઘણ પોળની જમણી બાજુએ હાલમાં જ્યાં શેઠ શ્રી કેશવજી નાયકનું જિનાલય છે ત્યાં પૂર્વ કાળમાં રૈવતાયણવતાર રૂપ શ્રી નેમિનાથ પ્રભુનું મંદિર હતું. અત્યારે અહીં ડાબી બાજુએ શેઠ શ્રી હીરાચંદ રાયકરણનું શ્રી શાંતિનાથ ભગવાનનું મંદિર છે, ત્યાં એ પૂર્વે સ્થંભનપુનરાવતાર શ્રી પાર્શ્વનાથ ભગવાનનું મંદિર હતું. આ બન્ને મંદિરો મહામાત્ય વસ્તુપાલે બંધાવ્યાં હતાં એવી માહિતી પ્રશસ્તિલેખમાં જોવા મળે છે. આ મંદિરો પંદરમા-સોળમા સૈકા સુધી વિદ્યમાન હતાં, પછી કાળબળે એ લુપ્ત થયાં અને એની જિન પ્રતિમાઓનું શું થયું એ વિશે વિદ્વાનોએ સંશોધન કરીને સત્ય બહાર લાવવાની જરૂર છે.

(૫) શત્રુંજય તીર્થની વાઘણ પોળમાં શ્રી શાંતિનાથ પ્રભુનું સુંદર જિનાલય છે. આ જિનાલય પાસે કરામાશાહે બિરાજમાન કરાવેલી શ્રી શત્રુંજય તીર્થની અધિષ્ઠાપિકા શ્રી ચક્રેશ્વરી માતાની દેરી આવેલી છે. એની બહારના ભાગમાં પદ્માવતી, નિર્વાણી, સરસ્વતી અને લક્ષ્મીદેવી એ ચાર દેવીઓની મૂર્તિ પધરાવાઈ છે. પાસેની દેરીમાં વાઘેશ્વરી અને પદ્માવતીદેવીની મૂર્તિઓ સ્થાપન કરી છે.

(૬) શત્રુંજય ગિરિરાજની રતન પોળ પાસે આવેલો સૂરજ કુંડ પ્રાચીન અને ચમત્કારી મનાય છે. આ કુંડનાં નિર્મળ પાણી વડે મહિપાલ રાજાનો રોગ દૂર થયો હતો અને પીરમાતા વીરમતીના મંત્રપ્રયોગથી કૂકડો બનેલા ચંદ્રરાજા આ કુંડમાં સ્નાન કરીને પોતાના મૂળ સ્વરૂપે ચંદ્રરાજા થયા હતા. એની બાજુમાં ભીમ કુંડ, બ્રહ્મ કુંડ અને ઈશ્વર કુંડ આવેલા છે. યાત્રિકોને આ પવિત્ર કુંડની સ્પર્શના કરવા જેવી છે.

(૭) પાલિતાણા ગામમાં - ૧) શ્રી આદિશ્વર ભગવાનનું ૨) શ્રી ગોડીજી પાર્શ્વનાથનું અને ૩) શ્રી શાંતિનાથ પ્રભુનું


ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કું. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**
માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537
• સાચી / ટેસ્ટેડ જરીની સાડીઓ / બોર્ડરો
• રેસમવર્કના ફેન્સી ચ. ચોલી • રેડીમેઈડ ફેન્સી કુર્તીઓ
• ભારે પાનેતર • પારસી હાથ અને મશીનની સાડીઓ
• એમ્બ્રોઈડરી મેઈક ટુ ઑર્ડર
સોમવાર બંધ

પ્રાચીન દેરાસર છે. યાત્રિકોએ આ ત્રણેય પ્રાચીન પ્રભાવક મંદિરોનાં દર્શન કરવાં જોઈએ.

(૮) શત્રુંજય તીર્થની યાત્રા કરી પાછા આવતા યાત્રિકો માટે ભાતું આપવાનું પ્રશસ્ય કાર્ય મુનિશ્રી કલ્યાણવિમલજી મહારાજની પ્રેરણાથી મુર્શિદાબાદવાળા સિતાબચંદજી નાહરના પરિવારે શરૂ કરાવ્યું હતું. શરૂઆતમાં યાત્રિકોને સેવ-મમરા, પછી બુંદીના લાડુ-ગાંઠિયા અને એ પછી બુંદી અને સેવ તેમ જ ચા, ઉકાળો, સાકરનું પાણી વગેરે અપાય છે. ભાતા ખાતાનો વહીવટ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી હસ્તક છે.

(૯) પાલિતાણા પાસે આવેલું ઘેટી ગામ ઘણું પ્રાચીન છે. શત્રુંજયની બીજી યાત્રામાં ઘેટી યાગનાં પગલાં આવે છે એની પાસે જ ઘેટી ગામ આવેલું છે. પાલિતાણાની સ્થાપના જેમના નામ પરથી થઈ છે તે શ્રીમદ્ પાદલિપ્તસૂરિ ઘેટી ગામે થઈને પાલિતાણા આવ્યાના ઉલ્લેખ મળે છે. રાજા વિક્રમના સમયનું આ ગામ છે. વિક્રમની ૧૧મી સદીમાં ભાવકશાહે પોતાના પુત્ર જાવડશાહનું લગ્ન ઘેટી ગામે જ કર્યું હતું. આ સમયે ઘેટી ગામ ખૂબ જ સુખી, સમૃદ્ધ અને આબાદ હતું. ૨૦૦૦ વર્ષ પુરાણા આ ગામમાં જૈનોની મોટી વસ્તી હતી.

(૧૦) શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના ભાતા ખાતા પાસે એક પ્રાચીન વાવ આવેલી છે એનું નામ છે સતી વાવ. અમદાવાદના નગરશેઠ શાંતિદાસ શેઠના સુપુત્ર લક્ષ્મીદાસના સુપુત્ર સુરદાસે યાત્રિકો માટે આ વાવ બંધાવી છે જેનો શિલાલેખ વાવનાં શરૂઆતનાં પગથિયાં સામેની દીવાલ પર બેસાડેલો છે.

(૧૧) શત્રુંજય તીર્થના શતથંબિયા મંદિરની નીચેના ભાગમાં 'શ્રી શત્રુંજય માહાત્મ્ય'ના રચયિતા શ્રી ધનેશ્વરસૂરિની આરસની નયનરમ્ય મૂર્તિ એક દેરીમાં પધરાવી છે એ દર્શનીય છે.

(૧૨) શ્રી શત્રુંજય તીર્થની પંચતીર્થી તરીકે- ૧) મહુવા, ૨) તળોજા, ૩) દાઠા, ૪) ઘોઘા અને ૫) ભાવનગર છે. યાત્રિકોને શક્ય હોય તો પાંચેપાંચ પવિત્ર ભૂમિની સ્પર્શના કરવા જેવી છે.

**જાહેરાત આપનારાઓને નિવેદન**

પ્રકાશ સમીક્ષામાં જાહેરાતની મેટર ટપાલ કે ઈમેઈલ દ્વારા મોકલાવતી વખતે એક જવાબદાર વ્યક્તિનો મોબાઈલ નંબર અવશ્ય મોકલવો જેથી આવશ્યક હોય ત્યારે સંપર્ક સાધી શકાય.


**શ્રી રાપર નાની સિંધોડી જૈન સંઘ**

**ધ્વજા મહોત્સવ**

**શ્રી ગોડીયા પાર્શ્વનાથજી જૈન દેરાસરજીની ૧૨૬મી તથા અઢાર અભિષેકની વર્ષગાંઠ ઉછામણી.**

**ધ્વજા મહોત્સવ :**

**તા. ૨૨-૦૬-૨૦૧૮ શુક્રવાર**

**મિટીંગ સ્થળ :**

નુતન આરાધના ગૃહ, અનંત સિધ્ધી

**શુભ દિવસ :**

**તા. ૦૮-૦૪-૨૦૧૮ રવિવાર**

**સમય :**

બપોરના ૩.૦૦ થી ૫.૦૦ વાગ્યાથી

**લી. શ્રી રાપર નાની સિંધોડી જૈન સંઘ**

**-: સંપર્ક :-**

**વિરચંદ લોડાયા - 95946 00900**

**ચંદુલાલ મૈશરી - 98331 51258**

॥ જય શ્રી અંબેમા ॥

**શ્રી અંબે માની સમુહ પહેડી પ્રસાદ**

કચ્છ-લાલા ગામમાં નાગડા પરિવારના કુળદેવી **શ્રી અંબે માની સમુહ પહેડી પ્રસાદ** અષાઢી બીજ **શનીવાર, તા. ૧૪-૭-૨૦૧૮** સવારના ૯.૦૦ વાગે પહેડી પ્રસાદ તથા **શુક્રવાર તા. ૧૩-૭-૨૦૧૮ના** સાંજના ૬.૦૦ વાગે મંદિરમાં ઘણી બાવાનો પાઠ થશે.

**સમયસર બધા જ ભાવિકો તથા નિયાણી બહેનોને સહપરિવાર પધારવા આમંત્રણ છે.**

**-: સંપર્ક :-**

**પ્રમોદભાઈ - 099939 94290**

**સોમચંદ - 098338 16131**

**વિભય - 090044 18009**

**પ્રફુલ - 093222 20204**

## સ્ત્રી, સૌંદર્ય અને સજાવટનાં સમીકરણ...

સ્ત્રી એટલે સૌંદર્ય અને સૌંદર્ય માટે સજાવટ અનિવાર્ય એવું આપણે માની બેઠા છીએ. એમાં કંઇ ખોટું નથી, પણ જરા અધૂરું જરૂર છે. મહિલાદિવસની ઉજવણી પછી આવો ઉકેલીએ સ્ત્રી, સૌંદર્ય અને સજાવટનાં સમીકરણ

શીલ ખૂબ ટેન્શનમાં હતી – સીમા અચાનક તેને મળવા જઇ ચડી હતી. તેનું મોં જોઇ પૂછયું , 'શું થયું છે ? બધા બરાબર તો છો ને ?'

'કશું બરાબર નથી. મહેન્દ્રનો હમણાં જ ફોન આવ્યો . કહે છે, લગ્નમાં જવાનું છે. બે કલાક પછી આવું છું, તૈયાર રહેજે.'

'તો ? બે કલાક તો પૂરતો ટાઇમ છે, તૈયાર થઇ જા. હું તો પછી આવીશ.'

'અરે, શું તૈયાર થઈ જા – જો તો ખરી મારી હાલત. પચીસની ઉંમર નથી કે ગમે તે પહેરીએ, સારા જ લાગીએ. સુડતાળીસ વર્ષ થયાં છે. લગ્ન જેવા પ્રસંગે જવાનું હોય ત્યારે ફેશિયલ, બ્લિચિંગ, પેડિક્યોર-મેનીક્યોર, હેર ટ્રીટમેન્ટ બધું કરાવવું પડે. મારું તો વેકિસગ પણ ડ્યુ છે. પ્રોપર હેરકલર પણ નથી. આમ કેવી રીતે જાઉં ?

'શીલા, તું આ બધું કરાવી શકી હોત તો સારું થાત. પણ હવે દુ:ખી ન થા. લગ્નમાં ઘણા લોકો હશે. તને એટલું ધ્યાનથી જોવા કોઇ નવરું નહીં હોય – ટેન્શન ન લે. ચાલ, હું તને તૈયાર કરી આપું.'

'તું શું તૈયાર કરી આપવાની, પોતે તો સરખી તૈયાર થતી નથી.'

'શટ-અપ. તારા વર સહિત ઘણા મારાથી ઇમ્પ્રેસ્ડ છે, ખબર છે ને ? જો તો ખરી, આપણે રસ્તો કાઢીએ.'

સીમાએ લીંબુના રસ અને દૂધ વડે શીલાનું મોં ધોવડાવ્યું. ચહેરો તાજો અને સ્વચ્છ થયો. 'હવે મોઇશ્ચરાઇઝર લગાવી દે, પછી કપડાં-ઘરેણાંનો વિચાર કરીએ.'

પણ સીમાને ઝાઝું વિચારવું ન પડ્યું. મોં પર આવેલી તાજગીથી પ્રસન્ન થયેલી શીલાને જ સૂઝતું ગયું. કલાક પછી આઇવરી રંગની સોનેરી બોર્ડરવાળી સિલ્ક સાડી, એવા જ રંગના મોતીનો કલાત્મક સેટ, હળવો મેકઅપ અને જરા ડાર્ક લિપસ્ટિકમાં શીલા શોભતી હતી. ઢીલા બાંધેલા વાળમાં દેખાતી સફેદ ઝાંય આ ગેટઅપમાં સરસ લાગતી હતી.

આ વાત મને કરતાં સીમા બોલી, 'શીલાનો પ્રોબ્લેમ તો સોલ્વ થઇ ગયો, પણ આજકાલ સુંદર દેખાવું એ બહુ ટેન્શનવાળું કામ થઇ ગયું છે !'

સાચી વાત છે. સ્ત્રી માટે સુંદર દેખાવા જેટલું મોટું ટેન્શન આજકાલ બીજું કોઈ નથી. ઉંમર વધવી, શરીર વધવું કે સુંદરતા ઘટવી એનાથી સ્ત્રી જાણે અપરાધભાવ અને અસલામતી અનુભવવા માંડે છે. પણ એ તો થવાનું જ. સમયને રોકી તો શકાતો નથી. પછી રઘવાટમાં જિમ અને બ્યૂટીપાર્લરની મુલાકાતો વધી જાય તે તો સમજ્યા, પણ સ્ત્રીઓ કોસ્મેટિક સર્જરી અને વજન ઉતારવાની દવાઓ જેવા કૃત્રિમ ઉપાયોના અતિરેકના રવાડે ચડી જાય છે. 'રૂપ કી રાની'



વનિતા વિશ્વ

શ્રીદેવીના અકાળ મૃત્યુ પાછળનું એક કારણ સુંદર દેખાવાના અખતરાઓનો અતિરેક હતો તેમ કહેવાય છે. સ્ત્રી દેખાવે સુંદર હોય છે, સ્વભાવે સૌંદર્યપ્રેમી હોય છે. અને આમ પણ પોતાના શરીર અને મનને શ્રેષ્ઠ રાખવાના પ્રયત્નો માણસ કરે તે ઘણું સ્વાભાવિક છે. તેનાથી સ્વાસ્થ અને સૌંદર્ય બંને સચવાય પણ છે, પણ મન પર તેની ઘેલછા સવાર થાય છે ત્યારે મુશ્કેલી ઊભી થાય છે.

મન ૮ માર્ચે વિમેન્સ ડે નિમિત્તે આ વર્ષની થીમ હતી 'ટાઇમ ઇઝ નાઉ : રૂરલ એન્ડ અર્બન ઍક્ટિવિસ્ટ્સ ટ્રાન્સફર્મિંગ વિમેન્સ લાઇફ' ભારતમાં જ નહીં, વિશ્વભરમાં સ્ત્રી પર આચરાતા અપરાધો સામે ઝુંબેશ ઉપાડવા સૌ કટિબદ્ધ છે ત્યારે એક વાર એ પણ વિચારીએ કે સ્ત્રી પોતે પોતાની જાતને કેટલો ત્રાસ આપે છે. સુંદર દેખાવાની, યુવાન રહેવાની ઘેલછાથી પોતાની જાત પર અત્યાચાર કરતી સ્ત્રીઓ આખરે સતત તાણ અને હતાશા સિવાય બીજું કંઇ પામતી નથી કારણ કે યુવાની અને સૌંદર્ય બંને ક્ષણભંગુર છે.

સુંદરતા માટે સતત ઉપાયો કરતાં રહેવું તેનો અર્થ એ છે કે તમને તમારામાં ખામીઓ દેખાય છે. તો જ સુધારવાની ઇચ્છા થાય ને ? પોતાને બહેતર બનાવવામાં મજા આવે ત્યાં સુધી ઠીક છે, પણ તેને માટે સંઘર્ષ કરવાની સ્થિતિ આવી જાય ત્યારે સમજવું કે કંઇક ખોટું થઇ રહ્યું છે. શા માટે સ્ત્રી ભૂખી રહે છે ? કસરતો કરે છે ? ચહેરા પર ઇંજેક્શનો લે છે ? અહીંથી ત્યાંથી ચરબી ખેંચાવે છે ? અંગોના વળાંક અને આકાર સુધારવાં ઓપરેશનો કરાવે છે ? તેનું ખરું કારણ વિચાર્યું છે ?

સુંદરતાથી આત્મવિશ્વાસ વધે છે તે એક કારણ છે, પણ બીજું મોટું કારણ એ છે કે સ્ત્રીને એટેન્શન જોઇએ છે, પ્રેમ જોઇએ છે. એ તેની નબળાઇ છે. તેને લાગે છે કે સુંદર હોઇશ


કલા – કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed
Originally at Zaveri Bazar since 1976

તો બધા ધ્યાન આપશે, વખાણ કરશે, ચાહશે. ધ્યાન, પ્રશંસા ને પ્રેમ પામવા તે કંઇપણ કરવા તૈયાર થઈ જાય છે. એ ન મળે તો જીવન નિરર્થક લાગવા માંડે છે, પણ તે એ ભૂલી જાય છે કે જીવનમાં અર્થ ઉમેરનાર તો છે વ્યક્તિત્વ. અને તે બને છે બુદ્ધિથી, અભિગમથી, વિચારથી.

ક્યારેક એવું લાગે છે કે સ્ત્રી સુંદર હોય, પોતાને વધુ સુંદર બનાવતાં શીખી ગઈ હોય, ત્યારે તેને એવું લાગે છે કે પોતે સંપૂર્ણ છે. વધારે કંઇ કરવાની જરૂર નથી. પુરુષો પણ સૌ પહેલાં તો સ્ત્રીની સુંદરતા તરફ જ ખેંચાય છે. પણ આસપાસ નજર કરીશું તો કેટલીય એવી સ્ત્રીઓ દેખાશે જે સુંદર હોવા છતાં પોતાના જ અભિગમોથી દુઃખી કે પ્રભાવ વિનાની લાગતી હોય અને કેટલીય એવી સ્ત્રીઓ પણ નજરે ચડશે જે તેખાવમાં સામાન્ય હોય.

સજાવટ કરતી ને સુંદર સ્ત્રીઓ પ્રત્યે મને કોઇ પૂર્વગ્રહ નથી. થોડીઘણી સજાવટ તો આપણો સૌ કરી જ લેતા હોઇએ છીએ. પણ વધારે મહત્વનું એ છે કે તમારી સાથે લોકોને કેટલું સહજ અનુભવાય છે ? ખરું લાવણ્ય સુઘડતામાં છે, સૌમ્યતામાં છે, શાલીનતામાં છે, સર્જકતા અને બુદ્ધિમાં છે, સંવેદનશીલતા અને પ્રેમભર્યા સ્વભાવમાં છે તે ન ભૂલીએ.

– **સોનલ પરીખ,** જન્મભૂમિમાંથી સાભાર

---

### Selfieની નવાઈ

પરિધાન એક બદલાવ ને લેવાય છે Selfie,
શણગાર નવા સજાય ને લેવાય છે Selfie,
હાથી કે ઘોડેસ્વાર થવાય ને લેવાય છે Selfie,
પ્રસંગ કોઈપણ ઉજવાય ને લેવાય છે Selfie,
પારિતોષિક કો'ક મેળવાય ને લેવાય છે Selfie,
વાનગી ઘેર નવી બનાવાય ને લેવાય છે Selfie,
મિત્રો-સહિચર મળે બે-ચાર ને લેવાય છે Selfie,
રાચ રચીલું નવું વસાવાય ને લેવાય છે Selfie,
સ્કુટર કે મોટરકાર ખરીદાય ને લેવાય છે Selfie,
સૂર્યોદય કે સૂર્યાસ્ત દેખાય ને લેવાય છે Selfie,
નૌકા વિહાર કદીક કરાય ને લેવાય છે Selfie,
યાત્રા-સહેલગાહે જવાય ને લેવાય છે Selfie,
સ્તૂપ કે કલાકૃતિને નીરખાય ને લેવાય છે Selfie,
મોડેલ સેલફોનના બદલાય ને લેવાય છે Selfie,
ડીપી બદલવા પણ અહીં લેવાય છે Selfie,
અરે હદ તો ત્યારે થાય છે સાહેબ...
શોભાયાત્રા કે રથયાત્રામાં તો સમજ્યા પણ,
સ્મશાનયાત્રામાં પણ હવે તો લેવાય છે Selfie,

– **જ્ઞાનેશ જયચંદ લાપસીયા,** મુલુંડ

### સમસ્ત મહાજનના ટ્રસ્ટીઓને વિનંતી




'પ્રકાશ-સમીક્ષા'ના અંક ૧૦માં પ્રકાશિત થયેલ મારા લેખમાં કરેલ રજુઆત અનુસાર જ્ઞાતિને બચાવવા યોગ્ય ઉપાયો વિચારવા અને અમલીકરણ કરવા યંત્રણા બહુ જરૂરી છે.

આપણે જ્ઞાતિને લુપ્ત થતી બચાવવા મળશું-ઉપાયો વિચારશું અને અમલમાં મુકશું તેને મહિનાઓ લાગશે પરંતુ આ પ્રક્રિયા તુરંત શરૂ થવી જોઇએ.

જ્ઞાતિની ધાર્મિક/સામાજીક/શૈક્ષણિક/આવાસ/ મેડીકલ અન્ય સંસ્થાઓની મિલકતોમાં જ્ઞાતિના કરોડો/અબલે રૂા. રોકાયેલા છે. તેને ચલાવવા /બચાવવા/ફળ મેળવવા જ્ઞાતિને જિવંત રાખવી આપણી ફરજ છે. અને ભવિષ્યની આપણી પ્રજા પ્રત્યે ઉત્તરદાયિત્વ પણ છે.

અંતઃ આ પ્રશ્નની ગંભીરતા જોતાં સમસ્ત મહાજને પગલાં ભરવા રહ્યા. આ માટે જ્ઞાતિના બધા આગેવાનોએ ભેગા થઈ યંત્રણા વિચારો અમલમાં મૂકી તેને આગળ વધાર્યા પછી સંમેલન યોજોલ તે હિતાવાદ રહેશે.

સમાજના કાર્યક્રમો/સંમેલનો થતા રહેશે જો આપણે જિવંત રહેશું તો સંમેલન ભરવા ખાતર જ કરોડ રૂા. તબક્કે ન ખર્ચાય. જ્ઞાતિને બચાવવા બચેવા જોઇએ.

– **રમેશ (કુંવરજી) મેઘજી મોતા,** મુલુંડ

### લગ્ન સંબંધી :

મુંબઈ મુલુન્ડ સ્થિત ૧૯૮૨નો જન્મ
નિર્દોષ છૂટા છેડા થયેલ (યોગ્ય પુરાવા આપવામાં આવશે)
મલ્ટી નેશનલ કું. માં સારી જોબ ધરાવનાર યુવક માટે
યોગ્ય સંસ્કારી કન્યા આવકાર્ય છે. સંપર્ક : **099203 90386**

### સંસ્થા સમાચાર વિગતવાર છપાશે.

આપના મહાજન, ટ્રસ્ટ, મંડળ, સંસ્થાની પ્રવૃત્તિઓના વિગતવાર સમાચાર મોકલી શકશો. અલબત્ત, તેમાં અતિશયોક્તિરૂપ વિશેષણો, અંલકારિક શબ્દો કે સુરૂચિનો ભંગ થાય તેવી વિગતો કે ભાષાનો ઉપયોગ થયો હશે તો તે છપાશે નહિં. જ્ઞાતિજનોના પુરા નામ અને વતનના ગામ જરૂરથી જણાવવા વિનંતી. સમાચાર મોકલતી વખતે પોતાનું નામ તથા મોબાઈલ નં., ઈમેલ આયડી મોકલવા જેથી માહિતી અંગે સંપર્ક સાધી શકાય.

# શ્રી વીરજી લધાભાઈ કચ્છી દશા ઓશવાલ જૈન વિદ્યાર્થીગૃહ, શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશનલ કેમ્પસ

લક્ષ્મીનિવાસ, કામાલેન, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૬.
ફોન : ૨૫૧૩ ૩૧૭૪ / ૨૫૧૦ ૦૧૫૭

## -: નવા એડમીશન ફોર્મસ આપવાની કાર્યવાહી બાબત :-

શાળા વિભાગ / કોલેજ વિભાગ : અરજીપત્રક ભરવાની છેલ્લી તા. ૧૫ મે ૨૦૧૮,
**નોંધ : તા. ૧૫-૦૫-૨૦૧૮ પછી ફોર્મ લેટ ફી સાથે જ સ્વીકારવામાં આવશે.**

| | |
|---|---|
| **શાળા વિભાગ (ધોરણ ૫ થી ૧૨) ઈન્ટરવ્યુ** | **: તા. ૦૯/૦૬/૨૦૧૮,** સવારે ૧૦.૩૦ વાગેથી |
| **કોલેજ વિભાગ ઈન્ટરવ્યુ:** | **: તા. ૧૦/૦૬/૨૦૧૮,** સવારે ૧૦.૩૦ વાગેથી |

**૧લી જુન ૨૦૧૮ થી વિદ્યાર્થીગૃહનું પ્રથમ સત્ર શરૂ થશે તે પહેલા અરજીપત્રક ભરવાના રહેશે.**

વિદ્યાર્થીગૃહમાં ધોરણ ૫ થી ૧૦ સુધીના છાત્રોને શાળા ફી, પાઠ્યપુસ્તક, તમામ સ્ટેશનરી, યુનિફોર્મ, કપડાની વધારાની બે જોડી, તેલ, સાબુ, મેડીકલ સારવાર, રહેવા, જમવાની તથા અન્ય સવલતો ફ્રી આપવામાં આવે છે.

ચાલુ શૈક્ષણિક વર્ષથી વિદ્યાર્થીગૃહમાં શાળા વિભાગમાં એડમીશન લેવા ઈચ્છુક વિદ્યાર્થીઓને ઘાટકોપરની નામાંકિત શાળા જેવી કે રીષીગુરુકુલમાં ઍડમીશન અર્થે સંસ્થાના અધિકારીઓ તરફથી સહાયતા કરવામાં આવશે તે માટે વહેલીતકે વિદ્યાર્થીગૃહના એડમીશન અર્થે અરજી કરવી.

ધોરણ ૧૧ અને ૧૨ના છાત્રોને નિયમાનુસાર રહેવા, જમવાની ફ્રી સવલતો પ્રાપ્ત છે. ઉપરાંત તમામ છાત્રોને કોમ્પ્યુટર જ્ઞાન, ઈન્ટરનેટ, વ્યાયામ, રમતગમત, વિવિધ સ્થળે પ્રવાસ, ધાર્મિક શિક્ષણ, વાચનાલય, પુસ્તકાલય વિવિધ બહોળા પ્રમાણમાં લાભો ઉપલબ્ધ છે.

નવા સત્રથી, ધોરણ ૧૧ અને ૧૨ના કોમર્સ, સાયન્સ તથા આર્ટસમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થીગૃહમાંજ અન્ય ક્લાસીસમાં ભણાવતા પ્રોફેસરો દ્વારા પ્રાઈવેટ કોચીંગની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

વિદ્યાર્થીગૃહમાં ન રહેતા અને ધોરણ ૧૧ અને ૧૨માં અભ્યાસ કરતા જ્ઞાતિના વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીઓને જે વિદ્યાર્થીગૃહમાં શરૂ થવા જઈ રહેલ પ્રાઈવેટ કોચીંગ ક્લાસીસમાં એડમીશન લેવા ઈચ્છુક હોય તેમણે વધુ જાણકારી અર્થે સંસ્થાની ઓફિસમાં સંપર્ક કરવો.

|| શ્રી શાંતિનાથાય નમઃ ||

# ૧૬૪ વર્ષ પ્રાચીન શ્રી સાંધાણ નવટુંક તીર્થના જિર્ણોધ્ધારનો પ્રારંભ

તપચક્રવર્તિ વર્તમાન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી **ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા., સાહિત્ય દિવાકર પ.પૂ.આ.ભ. શ્રી **કલાપ્રભસાગરસૂરીશ્વરજી** મ.સા., નૂતન આચાર્ય ભગવંતો અને પ.પૂ.મૂખ્યા સાધ્વી શ્રી **વસંતપ્રભાશ્રીજી** મ.સા. એવમ્ સાધ્વીજી ભગવંતોના આશિવદિ તથા પ.પૂ. **મૂક્તિરત્નસાગર** મ.સા. ની નિશ્રામાં **કચ્છ-સાંધાણ નવટુંક તીર્થના જિર્ણોધ્ધારની તા. ૧૭-૨-૨૦૧૮**ના શરૂઆત થઇ.

તા. ૧૫-૨-૨૦૧૮ થી તા. ૧૭-૨-૨૦૧૮ના ત્રિહાનીકા મહોત્સવ નવકારમંત્ર આરાધક શ્રી નરેન્દ્રભાઇ નંદુ, શ્રી મેઘકુમાર તથા તેમની સંગીત મંડળીના સથવારે આનંદથી ઉજવાયો. પ્રથમ દિવસે **૧૦૮ પાર્શ્વનાથ પૂજન**, બીજા દિવસે **૨૪ તિર્થંકર પૂજન** તથા ત્રીજા દિવસે સવારના **મૂર્તિઓનું ઉત્થાપન** અને **ચલ પ્રતિષ્ઠાનો** કાર્યક્રમ મુહૂર્ત પ્રમાણે નિર્વિઘ્ને પાર પડ્યો. કુલ ૭૩ પ્રતિમાઓનું ઉત્થાપન કરવામાં આવ્યું અને નવા બનાવેલા પબાસણ ઉપર પ્રસ્થાપીત કરવામાં આવી. જેમાંથી ફક્ત ૧૭ પ્રતિમાઓને જિર્ણોદ્ધાર પછી તેમની નવી ટુંકોમાં પ્રતિષ્ઠીત કરવામાં આવશે. બાકીની ૫૬ પ્રતિમાઓ પરોણા તરીકે રાખવામાં આવશે અને જે દેરાસરને તેમાંથી કોઇ મૂર્તિ કે મૂર્તિઓની જરૂરત હોય તો તીર્થનો સંપર્ક સાધી લઇ જઇ શકે છે. ત્યારબાદ સોમપુરાએ જૂની ચાર દેરીઓ તથા દરવાજો ઉતારવાનું ચાલુ કરેલ છે. નવી ચાર આરસની દેરીઓ તથા તીર્થને શોભે એવો મોટો દરવાજો (ગેટ) બનાવવામાં આવશે.

આ ઉત્થાપન કાર્ય માટે સંઘમાં ૧૩ જણે અટ્ઠમ તપ તથા ૧૧ જણે ત્રણ આયંબિલ તપની આરાધના કરેલ હતી. આ તપસ્વીઓની અનુમોદના રૂપે તેમનું બહુમાન **માતુશ્રી લક્ષ્મીબેન લાલજી ધરમશી બારસીવાલાએ** કરેલ, સાથે શ્રી નરેન્દ્રભાઇ નંદુનું વરસીતપ ચાલુ હોવાથી તેમનું પણ બહુમાન લક્ષ્મીબેને કરેલ.

મુંબઇ થી સંઘરૂપે ૫૦ જણ સાંધાણ ગામે પધાર્યા અને સ્થાનિકો, મહેમાનો મળી કુલ ૭૦ જણાએ મહોત્સવમાં ભાગ લીધો. મુલુંડ-મુંબઇ થી તા. ૧૩-૨-૨૦૧૮ના રવાના થઇ તા. ૧૪-૨-૨૦૧૮ ના સાંધાણ પહોંચ્યા. ત્યાંથી તા. ૧૮-૨-૨૦૧૮ રવાના થઇ તા. ૧૯-૨-૨૦૧૮ ના મુલુંડ મુકામે પરત આવ્યા. મુલુંડ થી વાંદરા અને બોરીવલી થી મુલુંડ બસ, ગાંધીધામ થી સાંધાણ અને સાંધાણ થી ભૂજ બસ સાથે બન્ને વખત પંચતીર્થીના દર્શન, જવા આવવા ટ્રેનની ટીકીટો, જતા ટ્રેનમાં સાંજે ચોવિહાર તથા બીજા દિવસે નવકારશી અને બપોરનું જમણ, વળતા પંચતિર્થી દરમ્યાન બપોરનું જમણ, સાંજે ચોવિહાર વગેરેનો લાભ દાતા **માતુશ્રી લક્ષ્મીબેન લાલજી ધરમશી - બારસીવાલા પરિવારે** લીધો. મુંબઇ આવતી વખતે ટ્રેનમાં નવકારશી તથા બપોરના જમણના દાતા **માતુશ્રી મણીબાઇ ડુંગરશી ધરમશી પરિવાર** હતા. બન્ને પરિવારોનો અનુમોદના સાથે ખૂબ ખૂબ આભાર.

હવે આગામી **તા. ૨૩-૪-૨૦૧૮ના નૂતન ચાર દેરીઓનું ભૂમી પૂજન, ખાત મુહૂર્ત** તથા
**તા. ૨૫-૪-૨૦૧૮ ના શિલા સ્થાપન** કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.
જેમાં **શ્રી નરેન્દ્રભાઇ નંદુ** અને તેમની મંડળી વિધિ-વિધાન કરાવશે.

ઉપરોક્ત ભૂમિ પૂજન અને શિલા સ્થાપનાના ચડાવા લેનાર તથા ગામવાસીઓને પોતાની રીતે સાંધાણ પધારી કાર્યક્રમમાં ભાગ લેવા વિનંતી કરવામાં આવી છે. સાંધાણ પધારનારે સંખ્યા જણાવી દેવી જેથી તેમના ઉતારાની તથા ભોજનાલયની સુચારૂ વ્યવસ્થા કરી શકાય.


**શ્રી કચ્છ સાંધાણ દશા ઓશવાલ જૈન મહાજન** — લી. — **શ્રી કચ્છ સાંધાણ શાંતિનાથજી જૈન દેરાસરજી**


પદાધિકારીઓ     ટ્રસ્ટીઓ

**ના જય જિનેન્દ્ર**

## કચ્છી કસબ - ૧૧૯

રચયિતા : જયકાંત મોતા - ઘાટકોપર (તેરા)
૯૮૧૯૬ ૨૮૩૮૨



**આડી ચાવીઓ -**

[૧] એંચી (૨); [૩] પેટ (૨); [૬] પ્રકાશ (૩); [૮] વાદળિયો દિવસ (૫); [૧૦] ઉપાડવું (૨); [૧૧] પોદ્દળો (૨); [૧૩] પાણીનો પ્રવાહ (૨); [૧૫] શુરાતન ચડાવવું (૨); [૧૭] ચીભડું (૩); [૧૮] લાંબા માણસો (૨); [૧૯] લમણું (૨); [૨૦] આરોપ (૨); [૨૨] બીજાના માટે નિયમ પાડવો (૨); [૨૩] થયું (૧); [૨૪] ખસકવું (૨); [૨૬] વહેલી સવાર (૨); [૨૮] સુવાનો રૂમ (૩); [૨૯] ઓળખીતા (૨); [૩૦] પરસેવો (૩); [૩૨] પ્રભાવના (૨); [૩૩] ઇંડુ (૨); [૩૪] ખુલ્લો કબાટ (૩); [૩૫] પી જવું (૨); [૩૬] ઘેટું (૨)

(ઉકેલ અન્યત્ર)

**ઊભી ચાવીઓ -**

[૧] આગળ (૩); [૨] મારા (૨); [૪] ખરાબ માણસો (૩); [૫] પથારી (૪); [૬] ઓઢવાનું (૩); [૭] લિસોટા (૨); [૯] લક્ષણ (૨); [૧૧] ઝુટાયું (૩); [૧૨] આવે (૨); [૧૩] સ્ત્રીનું કંટાળી જવું (૫); [૧૪] ખાવા સાથે કાંઇક પીવાનું જોઇએ (૩); [૧૫] સીમા (૨); [૧૬] જીભ (૨); [૨૧] ભીંતમાં જડેલો કબાટ (૨); [૨૪] હળવેથી સરકાવવું (૫); [૨૫] સચેત (૩); [૨૬] ભવિષ્યવાણી કરવી (૨); [૨૭] વલોવાયું (૩) ; [૨૯] છૂટથી (૩); [૩૧] રાખવું (૨)

# SALUTE TO ALL TEACHERS

રોમ (ઈટાલી)માં મારે આયકર ભરવાનો થયો. અતિ વ્યસ્તતાને લીધે નિયત સમયે હું આ કર ન ભરી શક્યો. એ કારણસર મારે કોર્ટમાં જવું પડ્યું. ન્યાયાધીશની સમક્ષ હાજર કરાતાં, તેમણે મને આમ થવાનું કારણ પૂછ્યું. મેં કહ્યું, ‘હું એક પ્રોફેસર છું, મારી વ્યસ્તતાને લીધે કર ભરવાનો મને સમય ન મળ્યો.’ હું મારી વાત હજુ તો રજુ કરું તે પહેલાં જ ન્યાયાધીશે કહ્યું : ‘‘કોર્ટમાં એક શિક્ષક ઉપસ્થિત છે.’’

બધાં લોકો ઊભાં થઈ ગયા. તેઓએ મારી માફી માંગી અને કર પણ રદ્દ કરવામાં આવ્યો. એ દિવસે હું એ દેશની ‘‘સફળતાનું રહસ્ય’’ પામી ગયો. સર્વ શિક્ષકગણને સન્માનપૂર્વક સમર્પિત.

અતિ વિશિષ્ટ વ્યક્તિ/VIP કોને કહેવાય ?

**શું તમે જાણો છો કે....**

૧. અમેરિકામાં માત્ર બે જ પ્રકારના લોકોને VIP નો દરજ્જો મળે છે : એક વૈજ્ઞાનિક અને બીજા શિક્ષકો.
૨. ફ્રાન્સના ન્યાયાલયમાં ઉપસ્થિત લોકોમાંથી ફક્ત શિક્ષકો જ ખુરસી પર બેસવાનો અધિકાર પામે છે.
૩. જાપાનમાં કોઈ શિક્ષકને પકડવા માટે પોલીસે સરકાર પાસે પરવાનગી લેવી પડે છે.
૪. કોરિયામાં શિક્ષકને તે બધા જ અધિકારો પ્રાપ્ત છે, જે ભારતમાં આઈ કાર્ડ બતાવવાથી મંત્રીઓને મળે છે.
૫. અમેરિકા તેમજ યુરોપીઅન દેશોમાં પ્રાથમિક શિક્ષકોને સહુથી વધુ પગાર મળે છે, કેમકે તેઓ બહુ નાના બાળકોને તૈયાર કરે છે અને એ કાચી માટીમાંથી ઘડો બનાવવા જેટલું કપરું કામ છે. એક એવો સમાજ, જ્યાં શિક્ષકોનું અપમાન થાય છે, ત્યાં કેવળ ચોર, ડાકુ, લૂટેરાઓ અને ભ્રષ્ટ લોકો જ ફાવી શકે છે. શિક્ષકને બચાવો, દેશ ઉગારો.

**SALUTE TO ALL TEACHERS**

# VACANCY
# FOR KDO ONLY

**(MALE / FEMALE)**

Require Import Documentation Executive having knowledge of import documentation procedures.

Candidate should be Computer Literate with good English Conversation with shipping line & clients.

-: Contact :-

**Rahul Poladia**

**99758 30394**

# ૧ ગ્રામ જ્વેલરી - અમે. ડાયમંડ જ્વેલરી
# "Exchange Offer"

તમારી જુની Imitation જ્વેલરી-ખરાબ થઈ ગયેલ જ્વેલરી, Damage જ્વેલરી, Exchange કરી મેળવો નવી જ્વેલરી.

**20% થી 50% સુધીની છૂટમાં.**

❖ ચંદનહાર, એન્ટીક સેટ, રજવાડી સેટ, અમે. ડાયમંડ પે.સેટ, ને.સેટ, બ્રેસલેટ, બંગડી, બાલી, ફેન્સી રોડીયમ બંગડી, ચેનમાં નવો સ્ટોક.

❖ ૧ સામે ૧ જ્વેલરી Exchange થશે / Condition જોઈને Discount નક્કી થશે / આ કટીંગ લઈ આવનારને **5%** નું Extra Discount.

**રિધ્ધી આર્ટ** ફેશન જ્વેલરી

૬/૬, શ્રી કૃષ્ણા નિવાસ, સંત ઘાડગે મહારાજ લેન,
ભરતક્ષેત્રની સામે, દાદાસાહેબ ફાળકે રોડ,
દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪,
ફોન : 022-2415 5353 / 65625075
**મિતેષ પ્રવીણ ગોસર - 9819160014**

# વર્ષીતપના સૌ આરાધકોને વંદન !

સુખ શાતા પૂર્વક હશો

**અતરવાયણા**

તા. ૧૦-૦૪-૨૦૧૮
શ્રી નારાણજી શામજીની વાડી, માટુંગા



**ઈક્ષુરસ પારણા**

તા. ૧૮-૦૪-૨૦૧૮
સૌમેયા ગ્રાઉન્ડ ક્ર. ૩,૪,૫, ઘાટકોપર

**સૌને સમયસર પધારવા હાર્દિક નિમંત્રણ છે.**

## જ્ઞાતિજનોને અપીલ

૩૦૦ થી વધુ તપસ્વીઓના પારણાના લાભમાં ફુલ નહીં તો, ફુલની પાંખડી રૂપે...

માત્ર **રૂા. ૨૦૦૦/-** ના કુપન દ્વારા સહયોગ આપીને સહભાગી બનીએ...

**સંપર્ક**

| | | | |
|---|---|---|---|
| શ્રી શામજીભાઈ દંડ | - 9819193743 | શ્રી ચીમનભાઈ મોતા | - 9322220708 |
| શ્રી પ્રવીણભાઈ લોડાયા | - 9930886468 | શ્રી તેજપાલભાઈ ધરમશી | - 9870070027 |
| શ્રી હરીશભાઈ ડાઘા | - 9819194325 | શ્રી હંશકુમારભાઈ મૈશેરી | - 9820167799 |
| શ્રી ડોલરભાઈ લોડાયા | - 9822531995 | શ્રી મનોજભાઈ લોડાયા | - 9833039980 |

કાર્યાલય - 022-2372 9304

**શ્રી અખીલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘ**

સ્થાપના : સં. ૨૦૨૪

## ચાઈનીઝ બૉડી-ક્લૉક *(મિડ-ડેમાંથી સાભાર)*

એવું નથી કે સવારના નાસ્તાનું મહત્ત્વ આપણે ત્યાં જ છે. દુનિયાની જુદી-જુદી સંસ્કૃતિ અને વિજ્ઞાનનાં પણ આ બાબતે આ જ મંતવ્યો છે. સવારે ઊઠીને કેમ બ્રેકફાસ્ટ કરવો ? બપોરે કેમ જમવું અને રાત્રે મોડું કેમ ન જમવું એનાં કારણો મેળવીએ ચાઈનીઝ ઑર્ગન બૉડી-બ્લૉક પાસેથી. પારંપરિક ચાઈનીઝ મેડિસિન એવું માને છે કે દરેક અંગ આમ તો ૨૪ કલાક કામ કરે છે, પરંતુ એના અમુક નિશ્ચિત કલાકો છે જેમાં એ ખૂબ કામ કરે છે અને બાકીના એવા કલાકો છે જેમાં એ આરામ કરે છે. આ સિસ્ટમ દરેક મનુષ્યમાં સરખી જ હોય છે. જો ઘડિયાળને સમજી લઈએ તો આપણે દિવસ દરમ્યાનનાં આપણાં કામ કયા સમયે કરવા જોઈએ એ સમજી શકાય છે. જો એમ કરીએ તો એનર્જી ચેનલ્સ જળવાઈ રહે છે અને વ્યક્તિ સ્વસ્થ રહે છે.

### સવારે ૫ થી ૭ વાગ્યા સુધી

આ સમયે મોટું આંતરડું એકદમ કાર્યરત હોય છે. એટલે જ આ સમયે આપણે ઊઠીને હાજતે જઈએ છીએ. વળી આ સમય નહાવા માટે પણ ઉત્તમ માનવામાં આવે છે. ચાઈનીઝ થિયરી પ્રમાણે મનમાંથી નકારાત્મક વિચારો કાઢવા માટે આ સમય વાળમાં દાતિયો ફેરરવા માટે પણ યોગ્ય છે.

### સવારે ૭ થી ૯ વાગ્યા સુધી

આ સમયે આપણું જઠર એકદમ કાર્યરત હોય છે. આ સમયે નાસ્તો કરવાથી પાચન એકદમ યોગ્ય થાય છે અને પોષણ પુરું મળે છુ.

### સવારે ૯ થી ૧૧ વાગ્યા સુધી

પૅન્ક્રિયાસ અને સ્પ્લીન બન્ને વધુ કાર્યરત બને છે. આ સમય એક્સરસાઈઝ કે કામ કરવા માટે બેસ્ટ ગણાય છે.

### સવારે ૧૧ થી બપોરે ૧ વાગ્યા સુધી

આ હૃદયનો સમય છે. હૃદય આમ તો ૨૪ કલાક કામ કરે છે, પરંતુ આ સમયે એ સૌથી વધુ એનર્જી ધરાવતું હોય છે. આ સમય લંચ માટે બેસ્ટ છે. ચાઈનીઝ લોકો પણ માને છે કે બપોરના જમવામાં રાંધેલો ખોરાક ખાવો વધુ અનુકૂળ છે. વળી એકાદ કલાકની ઊંઘ પણ આ સમયમાં લઈ શકાય છે.

### બપોરે ૧ થી ૩ વાગ્યા સુધી

આ સમયમાં નાનું આંતરડું એકદમ કાર્યરત હોય છે. જે ખોરાક પહેલાં લીધો હતો એનું સંપૂર્ણ પાચન આ કલાકોમાં થાય છે. દૈનિક કામો કરવા માટે પણ આ સારો સમય છે.

### બપોરે ૩ થી ૫ વાગ્યા સુધી

આ સમયમાં બ્લૅડર વધુ કાર્યરત હોય છે. આ સમય છે મગજને ચૅલેન્જ મળે એવાં કામ કરવાનો. આ સમયમાં ભણી શકાય.

### સાંજે ૫ થી ૭ વાગ્યા સુધી

આ સમયમાં કિડની સૌથી વધુ કાર્યરત રહે છે. આ સમય ડિનર માટે યોગ્ય ગણાય છે. આ એવો સમય છે જ્યારે લોહીનું પરિભ્રમણ વધારવા માટે ચાલવું, મસાજ કરવો કે સ્ટ્રેચિંગ કરવું હિતાવહ ગણાય છે.

### સાંજે ૭ થી ૯ વાગ્યા સુધી

આ સમયે લોહીનું પરિભ્રમણ ઘણું સારું હોય છે એટલે આ સમય વાંચન માટે બેસ્ટ ગણાય છે.

### રાત્રે ૯ થી ૧૧ વાગ્યા સુધી

આ સમયે એન્ડોક્રાઈન સિસ્ટમ કાર્ય કરતી હોય છે. આ સમયે સૂઈ જવું જરૂરી છે. શરીરે જે એનર્જી ભેગી કરવા માગતું હોય છે એ સૂવાથી થઈ શકે છે.

### રાત્રે ૧૧ થી ૧ વાગ્યા સુધી

આ સમયે ગૉલ-બ્લૅડર વધુ કાર્યશીલ બને છે અને ગાઢ નિદ્રા શરીરને એનર્જી બચાવી રાખવામાં મદદરૂપ થાય છે.

### રાત્રે ૧ થી ૩ વાગ્યા સુધી

આ સમયે લિવર અત્યંત કાર્યશીલ રહે છે. આ સમયે ટૉક્સિન્સ રિલીઝ થાય છે અને નવું લોહી બને છે. ચાઈનીઝ મેડિસિન મુજબ આ સમયે જે લોકો ઊઠી જતા હોય છે તેમનામાં લિવરની કોઈ ખરાબી હોવાની શક્યતા વધુ છે.

### રાત્રે ૩ થી ૫ વાગ્યા સુધી

આ ફેફસાંનો સમય છે. આ સમયે ઊંઘ પૂરી થવામાં હોય છે અને ધીમે-ધીમે વ્યક્તિ ઊઠે છે. જો આ સમયે ઊઠી જતા હો તો નસોને આરામદાયક લાગે એવી એક્સરસાઈઝ જેમ કે પ્રાણાયામ ઉપયોગી થાય છે. ***

*ફૂલથી કોમળ થયો, ફૂલ પર ઝાકળ થયો! તૃણ; લીલું રંગવા - શ્યામ હું વાદળ થયો!*
*હોવા ના હોવા વિશે, હું હવે અટકળ થયો! બાળ હસતું જોઈને - લીલીછમ કુંપળ થયો!*
*અબ્ધિ ઊડ્યો આભમાં.... શ્રાવણી વાદળ થયો! પુત્ર ખેડુનો રમેશ - ખેડવા હું હળ થયો! - રમેશ પટેલ*

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજન

સમસ્ત મહાજનના ટ્રસ્ટ બોર્ડની એક સભા ૨૫ માર્ચ ૨૦૧૮ના યોજાઇ હતી તેમાં શ્રી ચીમનભાઈ મેઘજી મોતાએ સેક્રેટરી જનરલના પદ પરથી તેમજ ટ્રસ્ટી તરીકે પણ રાજીનામું આપ્યું હતું તે સ્વીકારવામાં આપ્યું હતું.

અહેવાલો પ્રમાણે સેક્રેટરી જનરલ પદ પરની નવી નિમણુંક ટ્રસ્ટ બોર્ડની આગામી ૨૨ એપ્રીલ ૨૦૧૮ની સભામાં કરાશે.

### શ્રી બૃહદ મુંબઈ ગુજરાતી સમાજ

સમાજની ૨૦૧૮-૨૦૧૯ થી ૨૦૨૨-૨૩ના ચાર વર્ષ માટેની કારોબારી સમિતિની ચૂંટણી ૨૪ માર્ચ ૨૦૧૮ના યોજાઇ તેમાં શ્રી ચીમન મેઘજી મોતા (વારાપધર-મુલુંડ), CA શ્રી હીરાચંદ દામજી દંડ (મંજલ - અંધેરી) અને અન્યો ચૂંટાયા હતા. ચીમનભાઈને સર્વાધિક મતો મળ્યા હતા. પ્રકાશ સમીક્ષાના હાર્દિક અભિનંદન

### ભુજ રેલ્વે સ્ટેશન સલાહકાર સમિતિમાં પસંદગી

શ્રી પ્રબોધ હીરાચંદ મુનવર - કોઠારા હાલે ભુજની વેસ્ટર્ન રેલ્વે ડી.આર.એમ. ઓફિસ અમદાવાદ દ્વારા ભુજ રેલ્વે સ્ટેશન સલાહકાર સમિતિમાં વરણી કરવામાં આવી છે.

શ્રી મુનવર દ્વારા કચ્છનાં રેલ્વે પ્રશ્નો અંગે સતત ઉચ્ચકક્ષાએ રજુઆતો કરવામાં આવે છે. ભુજ-મુંબઈ એ.સી. એક્સપ્રેસ ટ્રેન રોજિંદી કરવા, કચ્છ એક્સપ્રેસ ટ્રેનને દાદરથી ચલાવતા, મુંબઈ-ભુજ અને ભુજ હૈદ્રાબાદ વચ્ચે નવી ટ્રેનો શરૂ કરવા ઉચ્ચકક્ષાએ રજુઆતો કરવામાં આવી છે. મુંબઈ થી ભુજ વચ્ચે વધુ એક ટ્રેન દોડાવવા માગણી મૂકાઇ છે.

### પાલીતાણામાં શ્રી લાલજીભાઈ શાહનું અભિવાદન

કચ્છ વારાપધરના મૂળ વતની શ્રી લાલજી નરશીભાઈ શાહે (નાગડા) ૪૦ વર્ષથી પાલીતાણાને કર્મભૂમી બનાવી પવિત્ર શેત્રુંજયની છાયામાં દેશ-દેશાવરથી આવતા યાત્રીકો તથા સાધુ-સાધ્વીઓની સેવા કરવાનું કાર્ય કર્યું.

ભાવનગર કચ્છ સમાજની સ્થાપનાથી સંસ્થાની પ્રગતિમાં આધાર સ્તંભ બન્યા. કચ્છી સમાજના વિકાસ માટે કામગીરી કરી. શ્રી લાલજીભાઈ વય મર્યાદાના કારણે આ તમામ પ્રવૃત્તિમાંથી નિવૃત્ત થતા ભાવનગર કચ્છ સમાજ દ્વારા તેમનો શુભેચ્છા વિદાય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં સમાજના પરિવારજનો શ્રી લાલજીભાઈના શુભ ચિંતકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને પરમપૂજ્ય અચલગચ્છના મુની મહારાજ સાહેબશ્રી પ્રિયંકર મહારાજ સાહેબશ્રી તથા સાધ્વી ભગવંતશ્રીઓ પણ ઉપસ્થિત રહી આશિર્વાદ આપ્યા હતા. શ્રી લાલજીભાઈ તથા તેમના ધર્મપત્ની શ્રીમતી રતનબહેનને સાલ ઓઢાડી સન્માનીત કરી શુભેચ્છા પત્ર અર્પણ કરવામાં આવ્યો હતો.

### ક્ષેત્રપાલ દાદાની પહેડી, ભાંડુપ

ગુડીપડવાએ આદીનાથ દાદા દરબાર અને અનંતસિધ્ધિ પ્રાંગણના સંરક્ષક દેવ ક્ષેત્રપાળ દાદાની સમુહ પહેડી શ્રી ક.દ.ઓ. જૈન સંઘના ઉપક્રમે શ્રી યોગેશ હિરાલાલ પટેલ, મનોજ લોડાયા, વિનય લોડાયા, મધુકાંત લોડાયા, વિપુલ પોલડીયા, પંકજ પોલડીયા વગેરે કાર્યકરોએ પહેડી પ્રસંગ પાર પાડ્યો.

ઢોલ શરણાઇના સૂરે સંખ્યાબંધ કુમારીકાઓએ માથે નૈવેદ્ય આદીના થાળ માથે ધરી ટ્રસ્ટી શ્રી બિપીન નાગડાના હાથે શ્રીફળ, જલકંઠીથી કંઠીનો અભિષેક કરતાં નયન લોડાયાએ દાદાને દ્રવ્યો દ્વારા વિલેપન કર્યું.

દાદાના શ્રધ્ધા ભક્ત શ્રી મહેશભાઈ દંડ અને ભરતભાઈ લોડાયા હાજર રહી ઉચ્ચિત માર્ગદર્શન આપી ધૂપના ધૂમાડે માહોલને ભક્તિમય બનાવી. પ્રસાદ થાળો ધરાવતાં શ્રી કિરીટભાઈ લોડાયાએ ''ક્ષેત્રપાળ દાદા આંજી આરતી ઉતારીયું'' ગાઇ ગવડાવી આરતી ઉતરાવી. સૌ બાલીકાઓને પ્રસાદ ભેરણે રાજી કરાઇ. શ્રી કલ્પેશ મોતાએ માથું નમાવી રીડેવલ્પમેન્ટના આશીષ માગ્યા. સંખ્યાબંધ ભક્તોએ પ્રસાદ કોળીયાનો લાભ દીધો. સામુદાયીક ફાળામાં સૌએ સાથ આપ્યો. દર વરસની જેમ ખુટતા નામો મનોજભાઈ લોડાયા ભરે છે. યોગેશ પટેલની ચીવટ અને ધગશ અનુમોદનીય રહી.

### શ્રી પદ્મમમુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ (ચાલીસગામ)

પૂ. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ની પ્રેરણા દ્વારા આપણા ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવેલ. તેમજ પૂ. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. ના આશિર્વાદથી અને માર્ગદર્શને ટ્રસ્ટના સામાજીક કાર્યો સફળતા પૂર્વક આગળ વધી રહ્યા છે. દર બુધવારના ગરીબોને ભોજનનો નકરો આપનાર દાતા :

૧) રમેશ કલ્યાણજી લોડાયા (ચાલીસગામ), ૨) લીલાધર નરશી મોમાયા (હસ્તે લીલા નવીન મોમાયા - માટુંગા), ૩) હેતલ વિજય નાગડા (ઘાટકોપર), ૪) લીલાધર નરશી મોમાયા (હસ્તે નવીન લીલાધર મોમાયા - માટુંગા), ૫) ભારતીબેન અજીત લોડાયા (નમ્રતાના લગ્ન નિમિત્તે - ચાલીસગામ), ૬) લીલાધર નરશી મોમાયા (હસ્તે શ્લોક અને હીરેન મોમાયા - માટુંગા)

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, દલતુંગી**

શ્રી અજિતનાથ સ્વામી ભગવાનની ૧૧૫મી ધ્વજા મહોત્સવ ૨૦-૪-૨૦૧૮ના નિધરિલ છે. સર્વે ગામવાસી ભાઈ બહેને તથા નિયાણી દિકરીઓને સહપરિવાર પધારવા હાર્દિક આમંત્રણ છે. સત્તરભેદી પૂજા તથા અઢાર અભિષેક (નકરા રૂા. ૧૧૧૧/-) રાખેલ છે. બપોરના સ્વામી વાત્સલ્ય સંઘ તરફથી રાખેલ છે. વધારે સંખ્યામાં પધારવા આગ્રહભરી વિનંતી. સ્વામી વાત્સલ્યનો નકરો રૂા. ૨૫૦૦૦/- રાખેલ છે.

**લોડાયા ભાવિક સંઘ - હૈદરાબાદ**

૨૬-૩-૨૦૧૮ના રામકોટ ખાતે લોડાયા ગોત્રના કુળદેવી શ્રી સચ્ચાઇ માતાજીની સામુહિક પેડી-પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૧૦ વાગે સ્થાપના પછી પેડી, આરતી કરવામાં આવી તે પછી સોએ પ્રસાદ ગ્રહણ કર્યું. સ્વામી વાત્સલ્યના દાતા વર્ધમાન દેવજી લોડાયા તથા મધુકાંત દેવજી લોડાયા હતા. આ પ્રસંગે રશ્મીબેન લોડાયા તથા હર્ષા માડણએ ભક્તિગીતોની રમઝટ જમાવી હતી.

**શ્રી ભલારા દાદાની ૩૦મી સમૂહપહેડી યોજાઇ**

૧૮ માર્ચ ૨૦૧૮ના ભલારા દાદાની ૩૦મી પહેડીનું સમૂહ આયોજન કરાયું હતું. પ્રારંભે પહેડીના લાભાર્થી ૧૫ દાતાશ્રીઓએ ભક્તિપૂર્વક પહેડી જ્વારી હતી. આ સમૂહ પહેડીમાં લાલપુર સ્થાનકના ભૂવાશ્રી રમણસિંગ પધારી ભાવિકોને આશિર્વાદ આપ્યા હતા. પહેડી મહોત્સવમાં યતિશ્રી મોતીસાગરજી પણ હાજર રહી ભાવિકોને વિશેષ આશિષ પ્રદાન કર્યા હતાં તેમજ કાર્યક્રમના મુખ્ય માગદર્શક તરીકે મણિકાંતભાઈ ધુલ્લા, હંસકુમાર મૈશેરી, મુકેશ મૈશેરી, ધનરાજ ખોના રહ્યાં હતાં. કિશોર મનરાજા અને પાર્ટીએ, હંસકુમાર મૈશેરી અને સાથી કલાકારોના સંગે ગીત-સંગીતની રમઝટ જમાવી હતી.

આજની પહેડીમાં લાલપુરથી સરપંચ સમીરભાઈ પધાર્યા હતા. શ્રી ભલારા દાદા ટ્રસ્ટ લાલપુર દ્વારા સ્થાનકે આગામી ધ્વજા મહોત્સવ પ્રસંગે ભલારા ઓલ્મિપીક રમોત્સવનું આયોજન કરાયું છે. આજુબાજુની સ્કુલોના ૪૫૦ જેટલા વિદ્યાર્થીઓ રમોત્સવમાં ભાગ લઈ આનંદ માણશે. ભલારા દાદા ઓલ્મિપીકની વિવિધ ગેમો માટે જ્ઞાતિજનોનો પ્રતિસાદ મળ્યો છે. આગામી વર્ષ માટેની ૩૧મી પહેડી માટે દાતાઓએ ઉત્સાહ બતાવ્યો હતો અને ૧૬ જેટલા દાતાઓએ પોતાના નામ નોંધાવ્યા હતા.


**લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ**

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239

સંપર્ક : **દિનેશ દેઢિયા - 92234 25676**


## હાર્દિક અભિનંદન


**રિધ્ધી નીલેશ લોડાયા, પુના**

કુ. રિધ્ધીએ પૂનામાં જર્મન ભાષામાં એક ૨૬ પાનાનો નિબંધ (Essay) લખેલ છે. ૧૦૦ માંથી ૯૯.૬ ગુણ મેળવેલ છે. આ આખો નિબંધ (Essay) યુરોપિયન દેશોમાં પ્રસિધ્ધ થયેલ છે અને ભારત સહિત આંતરરાષ્ટ્રીય દેશોના પુસ્તકોમાં પણ આ નિબંધ છપાશે.

આપણી જ્ઞાતિ માટે ખૂબજ આનંદ ને ગૌરવની વાત છે. ચિ. રિધ્ધી છેલ્લા સાત વર્ષથી જર્મન ભાષામાં પૂના બોર્ડ યુનિવર્સિટીમાં પ્રથમ આવે છે. તેમજ પોતાની કોલેજમાં પણ પ્રથમ આવે છે.ચિ. રિધ્ધી હાલમાં S.Y.B.Com કરે છે અને Advance Diploma અભ્યાસ કરે છે.

**નવલબાઈ વિરચંદ ધરમશી** (નાનીમા) - પુના

**હિના વિરચંદ ધરમશી** (મમ્મી) - પુના



## હાર્દિક અભિનંદન

CA, CS **હેમંત પ્રવિણચંદ્ર ધરમશી**

સુરત

CMA ની પરિક્ષા પાસ કરી છે.

## લગ્ન સંબંધી :

મુંબઈ મુલુન્ડ સ્થિત ૧૯૮૬નો જન્મ B.Com પાસ થયેલ સારી કું. માં જોબ ધરાવનાર કુંવારા યુવક માટે યોગ્ય સંસ્કારી કન્યા આવકાર્ય. કુંડળીમાં માનીએ છીએ. સંપર્ક : **099203 90386**

| નવા/બદલાયેલા સરનામા/ફોન - (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું) | |
|---|---|
| **રાજેશ કાંતીલાલ નાગડા** (PS 2291) | ૪૦૨, અંબર રેસીડેન્સી, હાંસોટી લેન, કામા લેન, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૬. |
| **ટોમેશ કાંતીલાલ નાગડા** (PS 7341) | ૪૦૩, અંબર રેસીડેન્સી, હાંસોટી લેન, કામા લેન, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૬. મો. : ૦૯૮૬૯૦ ૪૯૯૫૧ |
| **લલિત લહેરચંદ લોડાયા** (PS 5841) | ઓમ એપાર્ટમેન્ટ્સ, ગ્રાઉન્ડ ફ્લોર, V/1662(1), જી. કે. એવેન્યુ રોડ, કોચી - ૬૮૨ ૦૦૨. મો.: લલિત ૦૯૩૮૭૯૫૭૩૭૮, સુષ્મા ૦૯૮૯૫૯૬૪૨૧૦ |

## જીવનચક્ર

| | | | | |
|---|---|---|---|---|
| | | **જન્મ** | | |
| ૨૨-૦૨-૧૮ | ડોમ્બીવલી | વિવાન, હીરલ રાજીવ સોમચંદ નાગડા | રાપર ગઢવારી | પુત્ર |
| | | **આંતરજ્ઞાતિય સગપણ** | | |
| ૧૩-૦૩-૧૮ | દુબઈ | યશ પ્રવીણચંદ્ર કાંતિલાલ જીમુડીયા | વેરાવળ | ૨૭ |
| | વડોદરા | મોનાલી પ્રદીપ વેલજી લખમશી દંડ | લાલા | ૨૭ |
| ૨૩-૦૩-૧૮ | દહીસર | નિરવ ઉર્વીશ નવનીતલાલ શાહ | ગોધરા | ૩૫ |
| | ડોમ્બીવલી | હેતવી પુનમચંદ વેલજી મૈશેરી | મોટી સિંધોડી | ૩૨ |
| ૨૭-૦૩-૧૮ | મુલુંડ | અંકિત વસંત મેઘજી મોતા | કુઆપધર | ૨૬ |
| | મુલુંડ | પૂજામોહન રામચંદ્ર દંડગવ્હાળ | દહીવાલ | ૨૬ |
| ૨૯-૦૩-૧૮ | વડાલા | વરૂણ વિપુલ ચીમનલાલ લાપસીયા | રંગપુર | ૨૪ |
| | સાયન | પ્રેક્ષા પ્રકાશ મનસુખલાલ કોઠારી | રાણપુર | ૨૪ |
| | | **આંતરજ્ઞાતિય લગ્ન** | | |
| ૧૧-૦૨-૧૮ | ભાંડુપ | દેવાંગ કુમાર બાબુભાઈ દંડ | તેરા | ૨૮ |
| | સિકંદરાબાદ | લીસા અતુલભાઈ રમેશચંદ્ર શાહ | બીજાપુર | ૨૫ |
| | | **સગપણ છુટા થયા** | | |
| ૨૧-૦૩-૧૮ | મુલુંડ | મયંક પ્રવીણ હંસરાજ લોડાયા | આરીખાણા | ૨૬ |
| | વાશી | હર્ષિતા ચંદ્રેશ સોમચંદ ડાઘા | વરાડીયા | ૨૬ |
| | | **લગ્ન છુટા થયા** | | |
| ૧૧-૧૨-૧૭ | ડોમ્બીવલી | મનન પ્રફુલચંદ્ર ચાંપશી નાગડા | નલિયા | ૨૯ |
| (તા. ભુલસુધાર) | રાજકોટ | કાજલ જયચંદ ખીમજી લોડાયા | નલિયા | ૨૯ |
| | | **મરણ** | | |
| ૧૯-૦૩-૧૮ (તા. ભુલ સુધાર) | ભાંડુપ | ભાગચંદ હીરજી નાગડા (પટેલ) | નલિયા | ૮૩ |
| ૨૪-૦૩-૧૮ | મુલુંડ | ભારતીબેન નથુભાઈ લાપસીયા | રંગપુર | ૬૩ |
| ૨૪-૦૩-૧૮ | નલિયા | કુંવરબાઈ ગોવિંદજી પુનશી લોડાયા | નલિયા | ૮૫ |
| ૨૬-૦૩-૧૮ | ડોમ્બીવલી | વિજયાબેન શાંતિલાલ મોમાયા | નલિયા | ૭૭ |
| ૨૯-૦૩-૧૮ | ઘાટકોપર | અશેષ વિરેન્દ્ર લાપસીયા | નલિયા | ૫૯ |
| ૨૯-૦૩-૧૮ | બિલાઈ | જમકુબાઈ ગોવિંદજી વિશનજી ખોના | નલિયા | ૮૦ |

### કચ્છી કસબ - ૧૧૯ નો ઉકેલ

આડી ચાવીઓ -
(૧) એચા (૩) ભંભો (૬) ઉજારો (૮) છમલછાંઇ (૧૦) ખણ
(૧૧) છેણ (૧૩) વેણ (૧૫) પાના (૧૭) ચેભડ (૧૮) ધ્રેગા
(૧૯) લોણું (૨૦) ભધ (૨૨) ચીલ્લો (૨૩) થ્યો (૨૪) સેર
(૨૬) ભાંખ (૨૮) કરઇ (૨૯) સગા (૩૦) પગર
(૩૨) લાણી (૩૩) ઇનું (૩૪) સંજીરો (૩૫) પી વ્યો (૩૬) રેઢ

ઊભી ચાવીઓ -
(૧) એગીયા (૨) મુંજા (૪) ભોછડો (૫) વેછાણ (૬) ઉઢણ
(૭) રોળા (૯) લખણ (૧૧) છેનાણું (૧૨) અચે
(૧૩) વેડચીરઇ (૧૪) ઓગાર (૧૫) પાલો (૧૬) જેભ
(૨૧) ધરી (૨૪) સેરકાઇવ્યો (૨૫) સોજાગ (૨૬) ભાંખે
(૨૭) જંગાણી (૨૯) સલારો (૩૧) રખ

# અર્પણ પાંચમી પુણ્યતિથીએ...



આરંભ :
તા. ૨૭-૧૦-૧૯૩૩

વિરામ :
તા. ૦૯-૦૪-૨૦૧૩

પરમ વંદનીય

**સ્વ. શ્રી ખીમજી કરમશી વિરપાર શાહ - લોડાયા** (મોટી ખાવડી - મુલુંડ)

## અમારી સ્મૃતિ વંદના

વાત્સલ્યના વારિધી બની નભેથી વરસો છો તમે...
તોય કદી વાત્સલ્ય આપનું ખુટે નહીં
કંટકોની આ દુનિયામાં આપ મહેક્યાં ગુલાબ બની...
એ મહેક હજીયે જીવંત છે અમ શ્વાસમાં ભરી...
અડગ ઉભા રહ્યાં, જીવનમાં હર તુફાનમાં સદા...
બની દિવાદાંડી, રાહ જીવનની ચિંધતા રહ્યાં...
ભલે હોય સાગર તોફાની, નાવ રહી સલામત અમારી...
ગૌરવ હતાં, ગૌરવ છો, ને રહેશે આપના કાર્યનું...
પરિવાર હો કે, સમાજ, અનુસરશે સહુ આપને...
આપ અમારા વટવૃક્ષ, અમે પરિવાર વડવાઈ આપની...
બાળ પક્ષી હર ડાળી પર કિલ્લોલે છે આપનાં...
આપ અમારા સ્મરણમાં, હૃદયમાં હયાત છો...
ચિતરેલા ચીલાપર ચાલી રહ્યો છે પરિવાર આપનો...
વંદન કરી, અર્પિએ સ્નેહાંજલિ અમારી આપને...
સ્નેહાળ જીવન સાથી, પ્રેમાળ પિતા, વાત્સલ્યમુર્તિ દાદા-નાના
તરીકે આપનું સ્થાન અમર છે અમારા હૈયામાં

લિ....

ધર્મપત્ની : **જયવંતીબેન**

પુત્ર-પુત્રવધુ : **ગીરીશ – સંધ્યા, મહેશ – નૂતન**
**બંકિમ – રીટા, મુકેશ – ગીતા**
પૌત્ર-પૌત્રવધુ : **પ્રિતેશ – શીખા, ઉર્વેશ – પાયલ**

પૌત્રી-જમાઈ : **ભક્તિ – તુષાર**
પૌત્ર-પૌત્રી : **કિંજલ, કુનાલ, દ્રષ્ટિ**
પ્રપૌત્ર : **નિશ – પ્રિતેશ**

**સ્વ. માતુશ્રી લીલબાઈ કરમશી વિરપાર લોડાયા પરિવાર** (મોટી ખાવડી)
**સ્વ. માતુશ્રી ચાંપબાઈ ટોકરશી પદમશી ધરમશી પરિવાર** (નાની ખાવડી)

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (02-04-18)
Postal Regd. No. MCS/217/2018-2020 WPP Licence No. MR/Tech/WPP-352/South/2018
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# મહાજનશ્રીની સોનેરી આભા પર રૂપેરી કોર !

મા કહેતા મોઢું ભરાઇ જાય તેમ મહાજન શબ્દે ચારે અહોભાવે વંદન થઈ જાય.

ફોડ પાડીને કહું તો, આપણાં વડીલોના વારસારૂપ વિરાસત સમા કુમઠા તીરથે આજથી પચાશ વરસ પૂર્વે શેઠશ્રી નરશી નાથા સ્થાપીત વાલગીરે મુકામે શામળીયા પાર્શ્વનાથ દાદા જિનાલયની વર્ષગાંઠ હતી.

આ અવસરે માતુશ્રી કુંવરબાઈ નરશી નાથા મહિલાગૃહની અમ સૌ બહેનોને માવતર સમા મહાજનશ્રીએ નિશુલ્ક યાત્રા, અઢાર અભિષેક, અને ધ્વજા ફરકાવવાનો લાભ ઉછળતા ઉભરતા ભાવે પોતે ન લેતાં અમને આગ્રહ કરી - કરીને આપતાં અમને રોમે-રોમ રોમાંચ થયો. ટ્રસ્ટી શ્રી લેરીનભાઈ ખોના અ.સૌ. નયના લેરીન ખોના અને અજીત માલશી લોડાયાએ કુર્લાથી પરત મુંબઈ સુધી હર અનુકૂળ સંજોગો સર્જાવી ફાઇવ સ્ટાર્સ હોટલમાં રહેવું, ખાવું, પીવું, હરવું, ફરવું, નવકારશી ભોજન, ચૌવિહાર, પૂજા દર્શન એમ પ્રત્યેક ક્રિયાએ અમને મહેમાન સમજી આછાપ્રરદા, વૈયાવચ્ચ, વગેરેમાં સ્વયં નાના રહી. મોટપને બાજુએ મૂકી અમને ''રાજા રાજા પાલખી'' એ રાખ્યા. આજુબાજુના તીર્થ દર્શન, કુમઠા, હુબલી, ગદગ વગેરેના જ્ઞાતિજનો સાથે સ્નેહ મિલન સહ ઉંચા પહાડો, વનરાજી, ફુલ ફળોથી લચેલા વૃક્ષો, નદી નાળા કુદરતથી ભરપુર સૌંદર્ય વગેરે જોઇ માણી અમારા હાથો સાથે હૃદયે પણ તાળીઓ પાડી. પાલીતાણા પણ કોઇ લઈ જાય છે પણ અમને વાલગીરી કુમઠા તીરથે લઈ જઇ વ્હાલ કરનાર મહાજનશ્રીની સોનેરી આભા ઉપર આ રૂપેરી કોર સમી યાત્રાએ જઇને ઝૂકી તો જવાયને ? ખરેજ જોવા જેવું તીરથ.

(વિગત મહિલાગૃહ ઉદ્યોગ વતી કમલા રાજેન્દ્ર ખોના)

શબ્દાંકન - **લહેરચંદ વેલજી મૈશેરી,** ભાંડુપ























if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,